उन्नति

# વિચાર

વર્ષ ૧૪ અંક ૩ સપ્ટેમ્બર – ડિસેમ્બર , ૨૦૦૯

**અનુક્રમ**

**સંપાદકીય** 1

**વિકાસલક્ષી મુદ્દાઓ**

■ સામાજિક રખેવાળીઃ ચિંતા અને ચિંતન 2

**આપના માટે**

■ શિક્ષણના અધિકારનો કાયદો 9

■ અન્નનો અધિકાર 12

**આપણી વાત**

■ શહેરી ગરીબો માટે ગૃહનિર્માણ કાર્યક્રમ 15

**સાંપ્રત પ્રવાહ અને આગામી કાર્યક્રમ** 18

**સંદર્ભ સાહિત્ય** 20

**અમારા વિશે** 25

**સંપાદક ટીમ**

દીપા સોનપાલ

હેમન્તકુમાર શાહ

બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમ: રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંગઠનના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

**સંપાદકીય**

## શાસન અને વિકાસ માટે સામાજિક રખેવાળી

લોકોના અધિકારોને જો વાસ્તવમાં સિદ્ધ કરવા હોય તો અને છેવાડે જીવનારા કરોડો લોકો માટે સ્વતંત્રતાના ખ્યાલને અર્થપૂર્ણ બનાવવો હોય તો સ્થિર લોકશાહી એ પૂર્વશરત છે. ૧૯૪૭માં ભારત આઝાદ થયું અને ૧૯૫૦માં ભારત એક પ્રજાસત્તાક દેશ બન્યો પછી ભારત તમામ વિવિધતાઓ સાથે લોકશાહીને તે જેવી છે તેવી પણ ટકાવી શક્યો છે એ માત્ર ભારત માટે જ નહિ પરંતુ સમગ્ર દુનિયાના શાસકીય ઈતિહાસની એક અભૂતપૂર્વ ઘટના છે. પરંતુ શાસનને વહીવટ અને સંચાલનથી અલગ સમજવામાં આવે તો આ શાસનમાં અનેક પ્રકારની ખામીઓ છે અને એ ખામીઓને દૂર કરવાનું અત્યંત અનિવાર્ય છે. આ આવશ્યકતાને પિછાણવામાં આવે તો અને તેને માટે સુધારાત્મક પગલાં ગંભીરતાપૂર્વક અસરકારક રીતે ભરવામાં આવે તો શાસન વધારે લોકાભિમુખ બને.

૧૯૦૯માં મહાત્મા ગાંધીએ 'હિંદ સ્વરાજ' નામે લખેલા એક નાનકડા પુસ્તકમાં હિંદના સાચા સ્વરાજની જે રૂપરેખા આલેખી હતી તેને આ પુસ્તકના શતાબ્દી વર્ષે યાદ કરવાની આવશ્યકતા છે. સાચા અર્થમાં હિંદ સ્વરાજ ત્યારે જ આવી શકે કે જ્યારે દેશનો દરેક નાગરિક સ્વતંત્રતાનો અનુભવ કરે. આ માટે લોકશાહીમાં કામ કરતી શાસનની સંસ્થાઓ ઉપર દેખરેખ રાખવાની અને તેમની રખેવાળી કરવાની મૂળભૂત જરૂરિયાત હોય છે. 'નેશનલ સોશ્યલ વોચ કોએલિશન' દ્વારા આ પ્રકારનો પ્રયાસ કરવામાં આવે છે. 'સોશ્યલ વોચ' નામે જે અહેવાલ છેલ્લા કેટલાક સમયથી તૈયાર કરવામાં આવે છે તેમાં સંસદ, કારોબારી, ન્યાયતંત્ર અને સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ કેટલું અને કેવી રીતે કામ કરે છે તે જણાવવામાં આવે છે. આ પ્રક્રિયાનાં મૂળ ભારતનાં ૧૪ રાજ્યોમાં પણ નંખાયા છે કે જ્યાં આ પ્રકારના અહેવાલો છેલ્લા કેટલાક સમયથી તૈયાર કરવામાં આવે છે.

શાસનની સંસ્થાઓ દ્વારા અનેક પ્રકારની નીતિવિષયક પહેલ કરવામાં આવી રહી છે અને અનેક પ્રકારના પડકારો ઊભા થઈ રહ્યા છે. નીતિ નિર્ધારણમાં તદ્દન નવી તરાહ અને નવાં નવપ્રવર્તનો ઉપસી રહ્યાં છે. શાસનનું ફલક ઉત્ક્રાંતિજનક હોવાની સમસ્યાનો સામનો કરી રહ્યું છે ત્યારે તેણે ઘણી બધી અસમંજસતાઓ અને પડકારોને ઉકેલવામાં મહત્ત્વની ભૂમિકા ભજવવાની છે. આવા કટોકટીના સમયે આ સંસ્થાઓમાં જે તિરાડો દેખાઈ રહી છે તેમને પિછાણવાની અને એ પૂરવાની તથા તેમને વધારે મજબૂત બનાવવાની આવશ્યકતા છે કે જેથી લોકશાહી અને સ્વતંત્રતાનાં મૂલ્યો વધારે મજબૂત થાય. આ પ્રકારનો જે પ્રયાસ 'સોશ્યલ વોચ' સ્વરૂપે છેલ્લા થોડાક સમયથી થઈ રહ્યો છે તે રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે વધારે સઘન બને અને શાસનની સંસ્થાઓને ઉત્તરદાયી બનાવવા માટે નાગરિકો વધારે પ્રવૃત્ત બને તેવો ઉમદા ઉદ્દેશ ધરાવે છે. ગુજરાતમાં પણ જ્યારે છેલ્લાં કેટલાંક વર્ષો દરમ્યાન લોકશાહી સંસ્થાઓનું ભારે ધોવાણ થઈ રહ્યું છે ત્યારે આવા પ્રયાસની વિશેષ આવશ્યકતા છે.

# સામાજિક રખેવાળીઃ ચિંતા અને ચિંતન

તા.૨૬.૯.૨૦૦૯ના રોજ અમદાવાદ ખાતે ઉન્નતિ, જનવિકાસ અને જનપથ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે દિલ્લી સ્થિત 'નેશનલ સોશ્યલ વોચ કોએલિશન' દ્વારા તૈયાર કરવામાં આવેલા અંગ્રેજી અહેવાલના વિમોચનનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ શાસન અને વિકાસ વિશે વિવિધ હિતધારકો વચ્ચે ચર્ચા ઊભી થાય તથા ગુજરાત રાજ્યના સંદર્ભમાં પણ આ પ્રકારનો અહેવાલ તૈયાર કરવાનું આયોજન કઈ રીતે થઈ શકે તે નક્કી કરવાનો પણ હતો. આ કાર્યક્રમનો અહેવાલ **શ્રી ભાનુભાઈ મિસ્ત્રી** અને **શ્રી હેમન્તકુમાર શાહ** દ્વારા અહીં રજૂ કરવામાં આવ્યો છે.

### પ્રસ્તાવના

કાર્યક્રમના પ્રારંભમાં 'જનવિકાસ' સંસ્થાના નિયામક શ્રી વિજયભાઈ પરમારે સૌને આવકાર આપી આ ચર્ચામાં ભાગ લેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. તેમના મતે શાસન અને વિકાસની ચર્ચા થાય ત્યારે કેટલીક બાબતો મહત્ત્વની બને છે કે જે તરફ ધ્યાન આપવા તેઓએ સૂચન કર્યું હતું. એક તરફ નાગરિક અધિકાર સચવાય તે માટે બંધારણ અને કાયદો છે, બીજી બાજુ યોજનાઓના અમલીકરણનું માળખું છે. અમલીકરણ દરમ્યાન ફરિયાદ અને ન્યાય મળે તેવી જોગવાઈ હોય છે. ક્યારેક એવું જોવા મળે છે કે વિકાસની યોજનાઓના અમલીકરણ માટે કોઈનું હિત છીનવાઈ જાય છે. વિશ્વભરમાં આપણા વિકાસની વાતો જરૂર થાય છે. મુદ્દો વિકાસ દરનો નથી, અમલીકરણની પદ્ધતિ અને સામાન્ય લોકોના હિતની રક્ષાનો પણ છે. અમલીકરણમાં લોકોની ભાગીદારી કે સામેલગીરી કેટલી અને કેવી છે? અમલીકરણ દરમ્યાન નિર્ણય માટેની લોકશાહી પ્રક્રિયા પાંગરી છે કે કેમ? લોકોનો સમાવેશ અને વંચિતોની અમલીકરણ પ્રક્રિયામાં પહોંચ એ મહત્ત્વની બાબતો છે. સાથે સાથે અમલીકરણ દરમ્યાન અને પછી ઊભા થતાં પક્ષપાત અને ભેદભાવની પણ મુલવણી થવી જોઈએ. કારણ કે આજકાલ વિકાસનાં તમામ પાસાંઓમાં ભેદભાવ જોવા મળે છે. તે રંગભેદ, જાતિભેદ, લિંગભેદ, ધર્મભેદ તરફ દોરી જાય છે. હવે પૂજા તરીકે આપણે માત્ર અમલીકરણની પ્રશંસા કરી બેસી રહેવું પાલવે તેમ નથી. પણ સામાજિક ન્યાય અને સમાનતાના માપદંડોથી પણ પરિણામોને મૂલવવાં પડશે, એ માટે વિશેષ દૃષ્ટિબિંદુ કેળવવો પડશે. આ પ્રકારના અહેવાલ આપણને આ દૃષ્ટિબિંદુ ઉમેરવાની તક પૂરી પાડે છે. વિકાસની યોજનાના અમલીકરણમાં સ્વૈચ્છિક સંસ્થાઓનું જોડાણ સ્વીકારવામાં આવ્યું છે. તે ઈચ્છનીય છે પણ જાણેઅજાણે આપણે કોઈની તરફદારી તો નથી કરતા ને તે અંગે તેમણે ચિંતા વ્યક્ત કરી હતી અને સૌને સજાગ રહેવા પર ભાર મૂક્યો હતો, રાજ્ય વ્યવસ્થા આપણને તેમના હાથા ન બનાવે તે પ્રત્યે ધ્યાન રાખવું રહ્યું અને ગુજરાત કક્ષાએ પણ આ પ્રકારની 'રિપોર્ટિંગ' વ્યવસ્થા ઊભી કરવા સૌને આમંત્રિત કર્યા હતા અને દિવસના અંતે નક્કી કાર્યક્રમ ઘડવા ભાર મૂક્યો હતો.

'નેશનલ સોશ્યલ વોચ કોએલિશન'ના પ્રતિનિધિ શ્રી હિમાંશુ ઝાએ આ રિપોર્ટ પ્રક્રિયાની છણાવટ કરતાં એ માહિતી આપી હતી કે, ૧૯૯૩માં વર્લ્ડ સોશ્યલ સમિટના સમયે આ વિચાર આકાર પામ્યો હતો. આજે ૬૦ જેટલા સંઘો વિવિધ મુદ્દાઓ ઉપર કાર્યવાહી હાથ ધરી રહ્યા છે. ભારતમાં શાસન અને ઉત્તરદાયિત્વ વિષય ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. ૨૦૦૩થી આ પ્રકારના અહેવાલ બનાવવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે જે પૈકી ૨૦૦૮-૦૯નો પાંચમો અહેવાલ બહાર પડાયો છે. ૨૦૧૦માં જેન્ડર ઈક્વીટીને કેન્દ્રસ્થાને મૂકાશે. આ અહેવાલ સંકલિત કરતાં પહેલાં તેઓ જાહેર નીતિનાં મુદ્દાઓને ઊંડાણથી અભ્યાસ કરે છે. આ અહેવાલ આયોજન પંચ સમક્ષ પણ મૂકવામાં આવ્યો છે અને માધ્યમોમાં પણ આ અંગે હકારાત્મક પ્રતિભાવો જોવા મળ્યા છે. આ પ્રકારનાં અહેવાલ નાગરિક જૂથોની ભાગીદારી પ્રોત્સાહિત કરવાના સાધન તરીકે જોઈ રહ્યા છે. ઘણાં રાજ્યોમાં રાજ્ય કક્ષાના અહેવાલ પણ તૈયાર થઈ રહ્યા છે.

આ અહેવાલમાં સંસદ/કારોબારી/ન્યાયતંત્ર અને સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓની લગતી બાબતોની ચર્ચા કરવામાં આવી છે. તેમાં તેઓએ આંકડાકીય માહિતી આપવા સાથે એ વાત પર ભાર મૂક્યો હતો કે સંસદમાં મુદ્દાઓ ઉપર ચર્ચા કરવામાં ખૂબ ઓછો સમય જાય છે અને સંસદીય કાર્યપદ્ધતિ નબળી બનતી જાય છે. ખૂબ મોટો આર્થિક વ્યય થાય છે. સંસદ સભ્યો પોતાની વાત પક્ષીય કે વિચારધારા રજૂ કરવા માટે જ કશ્મકશ કરતા જોવા મળે છે. સંસદના મંચ પર ચર્ચા ન થતાં મહત્ત્વની બાબતો સમિતિઓ ઉપર છોડી દેવામાં આવે છે. જેની સમય મર્યાદા ખૂબ ઓછી હોય છે અને ખૂબ રીતે તેનું ઘડતર થાય છે. જ્યારે બહુપક્ષીય શાસન હોવાને કારણે તેમાં સામેલ થવા માટે હોડ ચાલે છે. તો ક્યારે અધ્યક્ષપદ કયા પક્ષના સભ્ય પાસે જાય છે કે જવી જોઈએ તે અંગે રાજકીય દૃષ્ટિબિંદુ મહત્ત્વનો ભાગ

**કોઠા નં.૧: લોકસભા અને રાજ્યસભામાં કેટલીક બેઠકોમાં કામકાજના દિવસો અને ગુમાવાયેલો સમય**

| લોકસભા | દિવસો | રાજ્યસભાની બેઠક | દિવસો | ગુમાવાયેલો સમય (કલાક) | | ગુમાવાયેલો સમય (ટકામાં) | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | લોકસભા | રાજ્યસભા | લોકસભા | રાજ્યસભા |
| ૭મી | ૩૫ | | | | | | |
| ૮મી | ૩૩ | | | | | | |
| ૯મી | ૨૮ | ૨૦૭મી | ૩૫ | ૨૬ | ૨૪ | ૨૧.૬૩ | ૧૨.૯૭ |
| ૧૦મી | ૮૪ | ૨૦૮મી | ૩૩ | ૭૦ | ૨૫ | ૫૫.૨૦ | ૨૨.૨૧ |
| ૧૧મી | ૩૨ | ૨૦૯મી | ૨૮ | ૪૨ | ૨૯ | ૬૫.૪૯ | ૩૬.૫૪ |
| ૧૨મી | ૩૨ | ૨૧૦મી | ૮૪ | ૨૦ | અપ્રાપ્ય | ૨૨.૬૦ | અપ્રાપ્ય |
| ૧૩મી | ૭૧ | ૨૧૧મી | ૩૨ | ૨૮ | અપ્રાપ્ય | ૧૭.૧૭ | અપ્રાપ્ય |
| | | ૨૧૨મી | ૨૩ | | અપ્રાપ્ય | | અપ્રાપ્ય |
| | | ૨૧૩મી | ૪૭ | | અપ્રાપ્ય | | અપ્રાપ્ય |

ભજવે છે નહીં કે પ્રજાની સામેલીગીરી. ક્યારેક સમિતિઓના અહેવાલ ખૂબ ઉતાવળા અને અધૂરા જોવા મળે છે. આજના દિવસે આ સમિતિઓ ઉપર પણ એક 'પર્સપેક્ટિવ પેપર' તૈયાર કરવાની જરૂર છે. તે વાત પર પણ તેમણે ભાર મૂક્યો હતો.

મોટાં ઉદ્યોગ જૂથોના પ્રતિનિધિઓ સંસદમાં સ્થાન પામ્યાં છે. ઔદ્યોગિક નીતિઓમાં આ હિતોનો સંઘર્ષ ના બની રહે તે જોવાવું જોઈએ. હાલ આરોગ્ય સેવાઓના ખાનગીકરણનો ઉલ્લેખ કરી તેઓએ આંકડાકીય માહિતી આપી હતી તે આરોગ્યના બજેટમાં ઘટાડો થતો જાય છે. આપણે હેતુ સિદ્ધ કરવાની વાત બાજુએ રાખી માત્ર નાણાકીય ફાળવણીની કસરત કરવામાં જ પડ્યા છીએ. સામાજિક સલામતી જેવી યોજનાની વ્યાખ્યા કરવામાં આપણે ધ્યાન રાખવું પડશે. તો ક્યાંક આવી યોજનાને લોકફાળા આધારિત કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે તે અંગે ધ્યાન રાખવું જરૂરી છે. આ મોટી યોજનામાંથી અસંગઠિત મજૂરોની બાદબાકી કરવામાં આવી છે એ ચિંતાનો વિષય છે.

ન્યાયતંત્રનો ઉલ્લેખ કરતાં તેઓએ જણાવ્યું કે ન્યાયની માગણી કોની પાસે કરવી? પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ ન્યાયિક નીતિઓ ઘડે તે જોવાવું જોઈએ. આજકાલ ન્યાયાલયો તરફથી ક્યાંક નમૂનારૂપ નિર્ણયો જોવા મળે છે. જેમ કે કેદીઓને સમાન વળતર, ઓરિસ્સામાં નંદીગ્રામનો ચુકાદો કે કેરળનો શિક્ષણના અધિકારનો કાયદો, પરંતુ વિકાસ યોજનાઓના ભોગ બનેલાઓના હિતમાં ન્યાયિક પ્રક્રિયા ઝડપી બને તે જોવાવું જોઈએ.

સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓનો ઉલ્લેખ કરી તેઓએ એ વાત પર ભાર આપ્યો કે વિકાસ યોજનાના અમલીકરણ માટે વિવિધ વિભાગો સાથે થયેલા જોવા મળે છે. પણ એ નિશ્ચિત પરિણામો સુધી પહોંચતું નથી. એની સમીક્ષા પણ થવી જોઈએ. રાજ્ય અને કેન્દ્રની વચ્ચેના સંબંધો મૂલવવા પડશે.

પંચાયતી રાજ વ્યવસ્થાને મજબુત કરવા માટે એક્ટિવિટી મેપિંગ થયું છે પરંતુ માત્ર નમૂનાનાં કામો જ પંચાયતોને હવાલે મૂકયાં છે. પંચાયતોએ આપવાની થતી સેવાઓને ધ્યાનમાં લેવાવી જોઈએ. ગામ પંચાયતને તથા ગ્રામસભાને મજબૂત કરવા પરામર્શની પ્રક્રિયા ઉપર ભાર મૂકવો જોઈએ. એનઆરઈજીપી જેવી મહત્ત્વની યોજનામાં પંચાયતોની સાચા અર્થમાં ભાગીદારી થાય તે જોવાવું જોઈએ. આજની યોજનાઓ હજુ ટોપ-ડાઉન એપ્રોચથી ઘડાતી જોવા મળે છે. શહેરી સ્વશાસન ઉપર વાત કરતાં તેઓએ સ્પષ્ટતા કરી કે મોટે પાયે શહેરોમાં સુધારા થઈ રહ્યા છે. લોકો અને ખાનગી સાહસો વચ્ચે જોડાણ-સમજૂતી આકાર લઈ રહ્યાં છે. પરંતુ પરામર્શની પ્રક્રિયા ઉપર ભાર મૂકાતો નથી. શહેરીકરણના કારણે અસર પામેલા લોકો માટે બહુ જ ઓછી જોગવાઈઓ કરવામાં આવે છે.

## ખેતી અને ખેડૂતો

ભારતીય ખેડૂતની સમસ્યા અને ભવિષ્ય એ વિષય ઉપર પ્રકાશ પાડતા આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમના સી.ઈ.ઓ. શ્રી અપૂર્વ ઓઝાએ ભારપૂર્વક જણાવ્યું કે ખેતી કે ખેડૂતોનો અંત છે એવું કહેવું વાજબી નથી. આપણે આશાવાદી બનવું જોઈએ અને ઉકેલ માટે

## કેન્દ્ર સરકાર દ્વારા જાહેર ખર્ચમાં પ્રાથમિકતાઓ

અહેવાલમાં આ વિભાગ મુખ્યત્વે ૨૦૦૮-૦૯ના અંદાજપત્ર ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે અને એકંદર ક્ષેત્રીય ફાળવણીઓ વિશેની રૂપરેખા તે આપે છે. વર્તમાન સરકારનું એ છેલ્લું સંપૂર્ણ અંદાજપત્ર હોય એવી શક્યતાઓ પણ હતી. માનવ સંસાધન વિકાસ મંત્રાલય માટેની કુલ ફાળવણીમાં ૨૦૦૮-૦૯ના કેન્દ્રીય અંદાજપત્રમાં આગલા વર્ષની સરખામણીએ ૨૦ ટકા જેટલો વધારો થયો છે. કેન્દ્ર સરકારનું શિક્ષણ પાછળનું જે કુલ ખર્ચ છે તેનો મોટો ભાગ આ મંત્રાલય વાપરે છે. જો કે, દેશની કુલ ઘરેલૂ આવક (જીડીપી)ના સંદર્ભમાં માનવ સંસાધન વિકાસ મંત્રાલય માટેના બજેટમાં બજેટ અંદાજને જોતાં માત્ર ૦.૬૩ ટકા જેટલો વધારો ૨૦૦૭-૦૮માં થયો હતો અને ૨૦૦૮-૦૯માં આ વધારો ૦.૭૨ ટકા જેટલો રહ્યો છે.

આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલયના ખર્ચ માટેની જોગવાઈમાં ૨૦૦૭-૦૮ના સંદર્ભમાં ૧૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. જો કે, આ વધારો રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશનમાં પ્રતિબિંબિત થતો નથી, કે જે આ મંત્રાલયનો સૌથી મહત્ત્વનો આરોગ્યલક્ષી કાર્યક્રમ છે. ૨૦૦૭-૦૮ના બજેટ અંદાજ અનુસાર આ મિશન માટે રૂ. ૧૦,૯૨૮ કરોડની ફાળવણી કરવામાં આવી હતી. ૨૦૦૮-૦૯માં આ ફાળવણી રૂ. ૧૧,૯૭૪ કરોડ કરવામાં આવી છે. આ રકમ ૯.૫ ટકાનો વધારો દર્શાવે છે. આ સરકારના પાંચમા વર્ષમાં પણ દેશમાં આરોગ્ય પાછળનું કુલ જાહેર ખર્ચ જી.ડી.પી.ના માત્ર એક ટકાની આસપાસ રહ્યું છે. એ અત્યંત આઘાતજનક બાબત છે કે ખેતી અને સંબંધિત પ્રવૃત્તિઓ, સિંચાઈ, પૂર નિયંત્રણ, ગ્રામ ઉદ્યોગો, લઘુ ઉદ્યોગો અને ગ્રામ વિકાસ જેવી ગ્રામીણ ભારતના અર્થતંત્ર સાથે સંલગ્ન એવી બાબતો માટે કેન્દ્રના અંદાજપત્રમાં કરવામાં આવેલી કુલ ફાળવણી ૨૦૦૬-૦૭માં જી.ડી.પી.ના બે ટકા જેટલી હતી, પરંતુ ૨૦૦૭-૦૮માં તેનું પ્રમાણ ઘટીને ૧.૮૪ ટકા થયું અને ૨૦૦૮-૦૯માં તે વધુ ઘટીને ૧.૭ ટકા જેટલું થયું.

જો કે, ૨૦૦૮-૦૯ના અંદાજપત્રમાં સરકાર દ્વારા કેટલાંક આવકારદાયક પગલાં લેવામાં આવ્યાં છે. ખાસ કરીને મહિલાઓ માટેનું ખર્ચ ૨૦૦૭-૦૮માં ૩.૩ ટકા હતું અને તે વધીને ૨૦૦૮-૦૯માં ૩.૬ ટકા જેટલું થયું. એ જ રીતે, ૨૦૦૮-૦૯માં બાળકો માટે નિશ્ચિત યોજનાઓ દાખલ કરવામાં આવી અને કેન્દ્રીય અંદાજપત્રના કુલ ખર્ચમાંથી તેને માટે ૫.૩૫ ટકા જેટલી રકમ ફાળવવામાં આવી.

મથતા રહેવું જોઈએ. ખેડૂતો માટે આ દેશમાં શરૂઆતથી માન રહ્યું છે. અને 'જય જવાન - જય કિસાન' જેવા મંત્રો આપણને આપવામાં આવ્યા છે. ગુજરાતની ખેતીની સ્થિતિ ઉપર પોતાનો અનુભવ જણાવતાં તેઓએ કહ્યું કે ખેતીમાં પાયાના સ્તરે જઈએ તો સમજાય છે કે ખેતીમાં બહેનોની ભાગીદારી અને નિર્ણય પ્રક્રિયામાં તેમની સામેલગીરી વધતી ગઈ છે. મોટા પાયે બહેનો ખેતીમાં જોડાતી જાય છે. પહેલાં મોટા ખેડૂત વિરુદ્ધ નાનો ખેડૂત એવી સરખામણી થતી હતી હવે વરસાદી ખેતી વિરુદ્ધ સિંચાઈવાળી ખેતી એ મુદ્દે સરખામણી થાય છે. ખેતી સાથે પશુપાલન જોડાયું છે, ક્યાંક તો ખેતી કરતાં પશુપાલન દ્વારા વધુ રોજગારી મળે છે એવું દેખાય છે.

ક્લાઈમેટ ચેન્જ જેવી સંભવિત દુર્ઘટનાઓ સાથે ખેડૂત લાચાર બનતો જાય છે. ખેડૂતને માત્ર પોતાની આર્તિક સ્થિતિ સુધરે તેની સાથે સાથે પોતાના બાળક માટે શિક્ષણ, આરોગ્ય અને પીવાના પાણી જેવી સમસ્યાઓ મુખ્ય બનતી જણાય છે. પરંતુ કમનસીબે ખેડૂતોના સંગઠનને અભાવે આ પ્રશ્નો બહાર આવતા નથી. ખેડૂતો દૂધ ઉત્પાદનમાં જોડાયેલા છે. હાલ દૂધ એ સહકારી માધ્યમ દ્વારા વેચાણ પામે છે. તેથી દૂધના ઉત્પાદન ખર્ચને પહોંચી વળવા ખેડૂતો ગ્રાહક પાસેથી ભાવ વધારો લઈ શક્યા છે. પરંતુ અનાજ ઉત્પાદનમાં આમ બનતું નથી. ખેતીને માર્ગદર્શન આપવા માટે ઘડાયેલી લેબ ટુ લેન્ડ યોજનાઓ પણ અસરકારક નથી અને ખેડૂતોનો અભિપ્રાય બજેટમાં કોઈ જ પ્રભાવ પાડતો નથી. ખેડૂતોના પ્રશ્નોને મીડિયામાં પણ યોગ્ય સ્થાન મળતું નથી. ક્યાંક કેટલાક આગેવાનોએ ખેડૂતોના પ્રશ્નોને વાચા આપવા / અપાવવા પ્રયત્નો કર્યા છે. જમીન ધારણ મોટા પ્રમાણમાં ઘટતું જાય છે. ખેડૂતો દેવામાં ઉતરતા જાય છે. સારા ખેડૂતની પસંદગી કે પ્રસંશા પણ કરી શકાતી નથી. બિયારણમાં ખેડૂતોનો વિશ્વાસ ઉઠતો જાય છે. આર્થિક ખર્ચ કરીને પણ તેની ખાતરી મળતી નથી. ખેત પેદાશો માટે ભાગ-૨ ઉપર તેમણે ભાર મૂક્યો હતો કે જેમાં નાનાં જમીન ધારણ માટે વાત કરવામાં આવી હોય. તથા 'સ્માર્ટ ફાર્મીંગ' ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવી શકાય અને ખેડૂતોની એકંદર સ્થિતિમાં સુધારો લાવી શકાય.

મુશ્કેલીના દિવસોમાં હવે ખેડૂતોને પણ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના જેવી યોજનામાં કામ મળે છે તે સારી બાબત છે, તો બીજી બાજુ 'સેઝ' જેવી યોજનાઓમાં ખેતીની કીમતી જમીન વેચાણ ન જાય તે જોવા પર ભાર મૂક્યો હતો.

અંતમાં તેઓએ એક વાત પર ભાર મૂક્યો હતો કે આ પ્રકારના અહેવાલ આ બદલાતી અર્થ વ્યવસ્થા અને સામાજિક વ્યવસ્થાઓ ઉપર પણ યોગ્ય ચર્ચા થવી જોઈએ.

## માહિતીનો અધિકાર

માહિતીના અધિકારના કાયદાની તરફેણમાં વાત કરતાં જનપથના મંત્રીશ્રી હરીણેશ પંડ્યાએ જણાવ્યું કે આ કાયદાનો જેટલો અમલ થશે તેટલું શાસન સુધરશે. પરંતુ એને લાગુ કરવું એ લોકોના હાથમાં છે હમણાં રાજ્ય દ્વારા કેટલાક નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે કે જેથી પહેલાં માહિતી ઘેર બેઠા મંગાવી શકતા હતા, હવે એમ બની શકે તેમ નથી. કાયદાના વિભાગોએ સામેથી આપવાની થતી માહિતી તા.૧૨ ઓક્ટોબર ૨૦૦૫ પહેલાં તૈયાર થવી જોઈતી હતી પરંતુ કોઈ જ વિભાગોએ ૧૦૦ ટકા સિદ્ધિ પ્રાપ્ત કરી નથી. આ માટે તંત્રમાં બેઠેલા લોકોને સંવેદનશીલ બનાવવા પડશે. આ માટે રાજકીય ઈચ્છાશક્તિનો અભાવ વર્તાય છે. હાલ આર.ટી.આઈ.ના કેસમાં થઈ રહેલા ભારણ ઉપર ચિંતા વ્યક્ત કરતાં તેઓએ લોકો સહજતાથી આ કાયદાનો ઉપયોગ કરે તે જોવા પર ભાર મૂક્યો. આ માટે જે પંચો ઊભાં કરવામાં આવ્યાં છે તે પણ સમય મર્યાદામાં આ જવાબદારી પૂર્ણ નથી કરી શકતી એ ચિંતાનો વિષય છે.

એકંદરે આ કાયદાના અમલ માટે જે પ્રયાસો થઈ રહ્યાં છે તેની સરાહના થવી જોઈએ પણ કાયદાના અંતર્ગત તેમાં જે જોગવાઈઓ છે તેનો અમલ થાય તો પણ પરિસ્થિતિમાં ફેરફાર આવશે તેવી તેઓએ શ્રદ્ધા વ્યક્ત કરી અને એ બાબત પર પણ નિર્દેશ કર્યો હતો કે ધીમે ધીમે લોકોમાં આ કાયદા પ્રત્યે અસંતોષ વધતો જાય છે.

## સેઝ અને પ્રાદેશિક અસમાનતા

સેઝ ની વિવિધ પૂર્ણ ધારણાઓ અને વાસ્તવિક પરિસ્થિતિનું મૂલ્યાંકન કરતાં શ્રી હેમંતકુમાર શાહે જણાવ્યું કે ૧૯૯૧ની મુક્ત અર્થતંત્ર વ્યવસ્થાના ભાગરૂપે સેઝની રચના કરવામાં આવી હતી. તેમાં ઓછા રોકાણે વધુ ફાયદો થાય તેવું ચિત્ર દર્શાવવામાં આવેલું. આ માટે આપણે નિકાસલક્ષી વિકાસ પર ભાર મૂકેલો. આમ સેઝ એ ઔદ્યોગિક નીતિનો ભાગ નથી બનતું પણ આયાત-નિકાસ નીતિનો ભાગ બને છે. આવા એકમો ૧૦૦ ટકા નિકાસ કરશે તેવી ધારણા હતી પણ તેવું બનતું નથી. પરંતુ હવે ધીમે ધીમે સ્થાનિક બજારને ધ્યાનમાં લેવામાં આવી રહ્યું છે. ગુજરાતમાં પોશીત્રા ખાતે પ્રથમ ઝોનની શરૂઆત કરવામાં આવી પણ સ્થાનિક કક્ષાએ વિરોધ થતા તે મુલત્વી રાખેલ. સેઝ એક 'ફોરેન ટેરીટરી' તરીકે ગણાશે. હાલ ચાર રાજ્યોમાં તે અમલમાં છે. વિદેશી પ્રદેશ તરીકે તેની વ્યાખ્યા કરવી પણ મુશ્કેલ છે.

આપણે જ્યારે વિકાસની અસરોની વાત કરવાની છે ત્યારે આ પ્રકારના અહેવાલમાં પ્રાદેશિક અસમાનતા કેવી રીતે ઊભી થાય છે તેની ઊંડાણથી વિગતો મેળવવી રહી. ગુજરાતમાં ૨૫માંથી ૯ જિલ્લામાં સેઝનું આયોજન છે તે પૈકી સૌથી વધુ કચ્છ અને અમદાવાદ જિલ્લામાં છે. સૌથી મોટો પ્રશ્ન સેઝ માટેની જમીનનો પણ છે અને તેની સ્થાનિક ખેડૂતોની રોજગારી પર શું અસર થશે? જે જમીનો લેવાય છે અને અપાય છે તેનું વળતર કયા ધોરણે અપાય છે? તેઓ જમીનનો ઉપયોગ કઈ રીતે કરે છે? વધારાની જમીન શા માટે મેળવે છે? આવા ખાસ કેસ નો પૂર્ણ અભ્યાસ કરવાથી પ્રાદેશિક અસમાનતાને વધુ સારી રીતે બહાર લાવી શકાશે.

પ્રથમ સત્રનું સમાપન કરતાં અધ્યક્ષા શ્રી ઈન્દિરા હીરવેએ પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતા અને જણાવ્યું હતું કે ગુજરાતના પરિપ્રેક્ષ્યમાં આર્થિક વિકાસ દર વધ્યો છે તેની ના નથી પણ માનવ વિકાસમાં

## અસંગઠિત ક્ષેત્રના કામદારો અને સામાજિક સલામતી

ભારત જેવા દેશમાં સામાજિક સલામતી એક મોટો ચિંતાનો વિષય છે. રાષ્ટ્રીય નમૂના સર્વેક્ષણ સંગઠનના ૬૧મા રાઉન્ડનો સર્વે એમ જણાવે છે કે ભારતમાં ૩૯.૪૯ કરોડ લોકો અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે. ભારતનો શ્રમનો કુલ પુરવઠો ૪૫.૭૫ કરોડનો છે અને તેમાંથી માત્ર ૬.૨૬ કરોડ કામદારો જ સંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે. સંગઠિત ક્ષેત્રમાં પણ જે લોકો કામ કરે છે તેમાંથી માત્ર ૩.૩૪ કરોડ લોકો જ નોકરીની અથવા/અને સામાજિક સલામતી ધરાવે છે. તેથી બાકીના ૨.૯૨ કરોડ કામદારો સંગઠિત ક્ષેત્રમાં પણ અસંગઠિત કામદારો છે એમ કહેવામાં આવે છે. તેમને ઘણી વાર અનૌપચારિક કામદારો તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ વિભાગમાં સામાજિક સલામતી અંગેનું પ્રવર્તમાન નીતિઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે અને તા.૧૦/૦૯/૨૦૦૭ના રોજ રાજ્યસભામાં દાખલ કરવામાં આવેલા નવા અસંગઠિત ક્ષેત્ર અંગેના ખરડાને તપાસવામાં આવ્યો છે. આ ખરડામાં માળખાગત રીતે, નાણાકીય રીતે અને લક્ષ્યાંકની દૃષ્ટિએ શું ખામીઓ છે તેના ઉપર આ વિભાગમાં પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. અંતે, તેમાં એવી ભલામણ કરવામાં આવી છે કે આ ખરડાનું અસંગઠિત કામદાર સામાજિક સલામતી ખરડો-૨૦૦૭ તરીકે નામાભિધાન કરવામાં આવે, અને તેમાંથી 'ક્ષેત્ર' શબ્દ રદ કરવામાં આવે. એવી આશા છે કે આ ક્ષેત્ર વિસ્તરતું જાય છે તેથી સંગઠિત ક્ષેત્રના અરક્ષિત કામદારો પણ સામાજિક સલામતી માટેની કાનૂની વ્યવસ્થાનો લાભ આ રીતે લઈ શકશે. ઉપરાંત, ખેત મજૂરોનો સમાવેશ કરી શકાય તે માટે તેની વ્યાખ્યા પણ બદલવા અંગેની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.

## ન્યાયની પ્રાપ્તિઃ ભારતીય ન્યાયતંત્રની સ્થિતિ

ભારતીય ન્યાયતંત્રની સમીક્ષામાં અદાલતો ધારાગૃહ અને કારોબારીના ક્ષેત્રમાં ચંચુપાત કરી રહી હોવાની ચર્ચા, અદાલતોની કામગીરી વગેરે ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. તેમાં સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતોના મહત્ત્વના ચુકાદાને પણ આવરી લેવામાં આવ્યા છે. અદાલતી વ્યવસ્થાની સ્થિતિનું મૂલ્યાંકન કરવાનો અને ૨૦૦૭માં અદાલતો દ્વારા ચર્ચાયેલા શાસન અને વિકાસલક્ષી કાનૂનમાં મહત્ત્વના કાનૂની સિદ્ધાંતો તપાસવાનો પ્રયત્ન પણ કરવામાં આવ્યો છે.

સત્તા વિશ્લેષના સિદ્ધાંતના માળખામાં રહીને અદાલતી સંયમ અને અદાલતી દરમ્યાનગીરી ઉપર ચર્ચા કેન્દ્રિત કરવામાં આવી છે અને આ પ્રકરણમાં ન્યાયમૂર્તિ કાત્જુ અને ન્યાયમૂર્તિ સિંહાનાં મંતવ્યોની સામે તેને મૂકીને તપાસવામાં આવ્યાં છે. કાયદોચિત અને અયોગ્ય અદાલતી કર્મશીલતા વચ્ચે ક્યાં, શા માટે અને કેવી રીતે સીમારેખા દોરવી તે પ્રશ્ન તપાસવા માટે વધુ સંયમી અને વિવેકપૂર્ણ અભિગમની જરૂર છે. ઉપર જે દલીલો આપવામાં આવી છે તે કમ-સે-કમ એ બાબત ઉપર તો ભાર મૂકે જ છે કે આ ચર્ચાને કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચેની કશમકશ તરીકે ન જોવી જોઈએ. ગયે વર્ષે આ મુદ્દે મોટા ભાગનાં માધ્યમોએ આ જ રીતે એ ચર્ચાને જોઈ હતી એ એક કમનસીબ ઘટના છે. જો તેને લડાઈ ગણવી જ હોય તો, તેને કાનૂન ક્ષેત્ર વિશેના અભિગમો, વિચારો અને વિચારધારાઓ વચ્ચેની લડાઈ ગણવી જોઈએ. એ વધુ આવશ્યક બને છે કે નાગરિક સમાજ 'ન્યાયતંત્ર વિરુદ્ધ કારોબારી'ના હોબાળાથી દોરવાઈ જવાને બદલે વધારે વિવેકી અભિગમ ધરાવે.

અદાલતી ચુકાદાઓને આધારે અદાલતી પ્રતિભાવનું વિશ્લેષણ બંધારણીય શાસન અને રાજકીય ઉત્તરદાયિત્વના અનેક કેસોને આવરી લે છે. 'રોકડિયા પ્રશ્નો' ના કેસથી શરૂ કરીને તેમાં કાનૂની રીતે ગલત વિરુદ્ધ નૈતિક રીતે ગલતના પ્રશ્નને તપાસવામાં આવ્યો છે. ઘણા મહત્ત્વના બીજા એક કેસમાં, બંધારણીય કાનૂનની દૃષ્ટિએ એવો પ્રશ્ન ઉપસ્થિત થયો કે બંધારણની અનુસૂચિ-૯માં સમાવેશ કરવામાં આવે તો તે વિષય અંગેના કાયદાની સામે મૂળભૂત અધિકારની ભૂમિકાથી કાનૂની પડકાર ફેંકી શકાય કે કેમ. સર્વોચ્ચ અદાલતે એમ જણાવ્યું છે કે એપ્રિલ-૧૯૭૩ પછીના સમયગાળા દરમ્યાન જે કાયદાને અનુસચિ-૯માં સમાવવામાં આવ્યા છે તેમને સંપૂર્ણ રક્ષણ મળી જતું નથી. ઉત્તર પ્રદેશના વર્તમાન મુખ્ય પ્રધાન સામે તાજ કોરિડોર પ્રોજેક્ટ કેસ અંગે આ વર્ષ દરમ્યાન સુનાવણી થઈ હતી.

ગુજરાત ૯મા નંબરે આવે છે. આરોગ્ય ક્ષેત્રે રાજ્ય ૯મા સ્થાને હતું અને હવે ૧૦મા સ્થાને ગયા છીએ. હકીકતમાં તો આર્થિક વિકાસ સાથે માનવીય વિકાસની લિંક જોડીને જ સરખામણી થાય તે સારું છે અને વિવિધ પ્રદેશો વચ્ચે વધતી અસમાનતાને પણ મૂલવવી જોઈએ. દેખીતું છે કે ગ્રામીણ અને શહેરી વિકાસ વચ્ચે મોટો ભેદ છે. પ્રતિવ્યક્તિ ગરીબી ઘટાડવાનો દર ઓછો છે. આપણો વિકાસ એ કોર્પોરેટ ક્ષેત્ર આધારિત થતો જાય છે અને એ પણ નિકાસ આધારીત શું આપણે આપણા સ્થાનિક બજારની શક્યતાઓને ન તપાસવી? દેશના શ્રમિકોની ચિંતા આગળ કરતાં તેમણે ઉમેર્યું કે આપણે કામની સ્થિતિ ઉપર ભાર આપતા જ નથી. આપણે શ્રમિકને કઈ આંખે જોઈએ છીએ તે મહત્ત્વનું છે. તાજેતરની હીરા કારીગરો આર્થિક મંદી અને તેમાંથી બહાર કાઢવાના રાજ્ય સરકારના પ્રયત્નોની કચાશ વિશે તેમણે ચિંતા વ્યક્ત કરી હતી. ખેતીમાં વધતું જતું સીમાન્તીકરણ અને બીજી તરફ ઉદ્યોગકારોને મોટી મદદ કરીએ છીએ તો નાના ઉદ્યોગોનું શું? આરોગ્ય અને શિક્ષણનાં ખાનગીકરણ ઉપર તેમણે ચિંતા વ્યક્ત કરી અને કહ્યું કે ગરીબો પ્રત્યે આપણાં પ્રતિબદ્ધતા અને સંવેદનશીલતા જોવા મળતાં નથી. માનવ વિકાસ સંસાધન કેન્દ્રની યથાર્થતા ઉપર પણ તેઓએ ચિંતા વ્યક્ત કરી હતી.

સહભાગીઓએ સત્રના અંતમાં જે મહત્ત્વના પ્રશ્નો ઉપાડેલા હતા તે નીચે મુજબ કહી શકાય:

- આંકડાકીય માહિતી જે રીતે આપણી સમક્ષ મૂકાય છે તેમાં શંકા ઉપજે છે. જિલ્લા કક્ષાની માહિતી અને એકત્રિત માહિતીમાં ભેદ જોવા મળે છે.
- સામાજિક ક્ષેત્રને મજબૂત કરવાની જરૂર છે.
- આપણે વિકાસ યોજનાની જાહેરાતો/પ્રચારમાં જે ખર્ચ કરીએ છીએ તેની સમીક્ષા થાય તથા માત્ર 'ઠરાવનું' શાસન ના બને તે જોવાવું જોઈએ. નગરપાલિકાઓ માત્ર ઠરાવ કરે અને અમલ રાજ્ય કરે તે ગંભીર બાબત છે.
- રાજ્ય સરકારે ઉપકારની ભાવનામાંથી નીકળવાની જરૂર છે અને લોકોનાં દાવા અને રજૂઆતને પણ સ્થાન અપાવવું જોઈએ.

### સંસદની કાર્યપદ્ધતિ

આ અહેવાલમાં જણાવેલા આંકડાઓ અંગે ચિંતા વ્યક્ત કરતાં જાણીતા કર્મશીલ શ્રી ઈન્દુકુમાર જાનીએ હતાશા વ્યક્ત કરી હતી અને ભારપૂર્વક જણાવ્યું કે પ્રજાએ આ પરિસ્થિતિ સામે જાગૃત બની અવાજ ઉપાડવો પડશે. સંસદીય પ્રણાલીની ભૂમિકા લોકોને સમજાવવી પડશે અને આપણા સાંસદોનું ઉત્તરદાયિત્વ શું છે. તેઓ પક્ષને વફાદાર છે કે પ્રજાને? ખાસ કરીને સ્પીકર અને વિધાનસભાની ગરીમા સચવાવી જોઈએ તે અંગે તેમણે ખૂબ ઊંડા ખેદ સાથે જણાવ્યું

કે વારેઘડીએ સ્પીકરની વિનંતી છતાં આવું બન્યા કરે છે. ગુજરાત વિધાનસભામાં વિપક્ષની ગેરહાજરીમાં જ મોટા ભાગના નિર્ણયો લેવાય છે અથવા તો એવી સ્થિતિ ઊભી કરવામાં આવે છે કે જેથી વિપક્ષ સભાનો બહિષ્કાર કરી જાય. આ ઘટના દુખઃદ છે. સ્વ શ્રી કુંદનલાલ ધોળકીઆ અને શ્રી નાની પાલખીવાળાનાં આ અંગે પ્રગટ થયેલાં મંતવ્યોને ટાંકતાં તેઓએ ભાર મૂક્યો હતો કે વિરોધ પક્ષની વાત સમજવાનો પ્રયત્ન થવો જોઈએ. પ્રજા તેઓને પણ પોતાની વાત રજુ કરવા મોકલે છે તે ન ભૂલાવું જોઈએ.

### ન્યાયતંત્ર

'ભારતીય ન્યાયતંત્રની સ્થિતિ' વિશે અધ્યક્ષ તરીકે છણાવટ કરતાં જાણીતા કર્મશીલ એડવોકેટ શ્રી ગિરીશભાઈ પટેલે પોતાનાં વિચારો રજૂ કરતાં જણાવ્યું હતું કે સામાન્ય નાગરિક આજે ખૂબ મોટી ક્રાઈસીસ અનુભવી રહ્યો છે. ગરીબ વ્યક્તિ કે શોષિત વ્યક્તિને ન્યાય મળતો નથી. આ અહેવાલમાં ફક્ત પુરવઠા પક્ષની વાતો કરવામાં આવી છે એટલે કે કેટલી જગ્યાની ખામી છે? કેવી રીતે ભરાશે? સમય કેવી રીતે ઘટશે? પણ મુખ્ય મુદ્દો ક્વાલીટી ઓફ જજમેન્ટનો છે. કોઈ પણ જજમેન્ટ કેટલું મોડું કે વહેલું આવ્યું તે પ્રશ્ન નથી પણ એ નિર્ણયથી સમાજ ઉપર શઈ અસર થઈ? એ મહત્ત્વનું છે.

આજકાલ સુશાસનની વાત ઉપર ભાર છે પરંતુ તેઓએ સ્પષ્ટતા કરી કે આ શબ્દો મૂડીવાદની દેન છે. એથી સારી બજાર વ્યવસ્થા ઊભી થશે પરંતુ મૂળ પ્રશ્ન છે સ્વશાસનનો આજે કોનું શાસન છે? એ જ ખ્યાલ નથી આવતો અને આપણે કોર્ટ પાસે અપેક્ષા રાખીએ છીએ. કોઈ પણ ચુકાદો પણ એ ન્યાયધીશની માન્યતા અને લાગણીનો પડઘો પાડે છે. જે ન્યાયધીશો માનતા હશે કે વિકાસના આડે આવતાં પરિબળો દૂર કરવાં જોઈએ તો તેમ થશે પણ તેમાં ગરીબ અને શોષિતનું સ્થાન પહેલું હશે. આ સ્થિતિમાં ગરીબ વ્યક્તિનો પણ સમાન હક છે તે વાત ભૂલવી પડશે. આજે આ વિચારધારાની કટોકટી એ ચિંતા અને ચિંતનનો વિષય બની છે. આ પ્રકારના રિપોર્ટ આવી વાતો બહાર લાવે તે ઈચ્છનીય છે.

આજકાલ કાયદાનું શિક્ષણ કોણ લે છે? આપણે કેવા ન્યાયવિદો કે વકીલો તૈયાર કરીએ છીએ તે પ્રત્યે તેઓએ ચિંતા વ્યક્ત કરી અને જણાવ્યું કે આ માટે એવી કઈ લોકશાહી પદ્ધતિ હોઈ શકે જેથી યોગ્ય અને સંવેદનશલી ન્યાયવિદોની નિમણૂક શક્ય બને? લોકોને એ જાણવાનો હક્ક છે કે પોતાની કટોકટીની સ્થિતિમાં તેનો ન્યાય કોણ કરશે? કોર્ટમાં કેસનાં ભરાવા અંગે પણ તેમણે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે ૧૯૯૫ના કેસ અત્યારે બહાર આવે છે

### જિલ્લા આયોજન સમિતિઓ

બંધારણની કલમ-૨૪૩ઝેડડી(૩)(બી)માં એવી જોગવાઈ કરવામાં આવી છે કે દરેક જિલ્લા આયોજન સમિતિ જિલ્લાની વિકાસલક્ષી યોજનાનો મુસદ્દો તૈયાર કરવા માટે કઈ સંસ્થાઓ અને સંગઠનો માટે વિચાર-વિમર્શ કરવો તે નક્કી કરી શકે છે. જિલ્લા આયોજન સમિતિઓને મજબૂત કરવા માટે અને તેમને સુસજ્જ બનાવવા માટે પંચાયતી રાજ મંત્રાલયે પછાત પ્રદેશ અનુદાન ભંડોળ હેઠળ નાણાકીય ટેકો પૂરો પાડ્યો છે. રૂ. ૨૫૦ કરોડનું ભંડોળ બીઆરજીએફ હેઠળ આવરી લેવાયેલા ૨૫૦ જિલ્લામાં પંચાયતોના ક્ષમતાવર્ધન માટે જ ખાસ ફાળવવામાં આવ્યા છે. પંચાયતો અને જિલ્લા અને જિલ્લા આયોજન સમિતિઓ માટે સહાય પ્રાપ્ત કરવી એ ક્ષમતા નિર્માણનો એક અગત્યનો મુદ્દો છે અને તે આ જ ભંડોળમાંથી પ્રાપ્ત થાય છે. તેની ચર્ચા આ વિભાગમાં કરવામાં આવી છે. આ તમામ માર્ગરેખાઓ અને પ્રોત્સાહનો સાથે ૨૬ રાજ્યોમાંથી પણ ૧૭ રાજ્યોમાં જ જિલ્લા આયોજન સમિતિની રચના કરવામાં આવી છે એમ છેલ્લી માહિતી અનુસાર જાણવા મળ્યું છે. બીઆરજીએફ અને સર્વ શિક્ષા અભિયાન જેવા કાર્યક્રમોના અમલ ઉપર તેની વિપરીત અસર પડી શકે છે. જો જિલ્લા આયોજન સમિતિની રચના ના કરવામાં આવે અથવા તેમને પૂરતી સત્તાઓ ન આપવામાં આવે તો એમ જ બને.

ત્યારે ક્યાંક મજૂર નથી હોતા તો ક્યાંક માલિક કે કંપની પણ નથી હોતી!

### પર્યાવરણ

આ વિશેષ મુદ્દે પ્રતિભાવ આપતાં જાણીતા કર્મશીલ શ્રી મહેશ પંડ્યાએ વિકાસને લઈને ઊભા થતા પ્રશ્નો અને પરિસ્થિતિનો ચીતાર આપ્યો હતો તો સાથે સાથે આખીય પ્રક્રિયામાં કોના ભોગે વિકાસ અને કોની તરફેણમાં તેનાં પરિણામો ફળ જાય છે અને શાસન વ્યવસ્થા ક્યાં અને કોની તરફેણમા કરે છે તે અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ગુજરાતમાં કચ્છનું ઉદાહરણ ટાંકતાં તેમણે કહ્યું કે ભૂકંપની સ્થિતિ પહેલાં કચ્છના લોકોએ કચ્છ વિકાસ બોર્ડની રચના કરી હતી તે વાત તો હજુ ચર્ચામાં હતી ત્યાં ભૂકંપના પુનર્વસનનો આધાર બનાવી રાજ્ય સરકારે એકાએક કચ્છને વિકાસનું હબ બનાવવાની જાહેરાત કરી. પરંતુ મૂળ કચ્છીઓ પોતાનો વિકાસ કેમ અને કોની સાથે કરવા માંગતા હતાં તે વાત ચર્ચામાં જ ન આવી. આજે કચ્છ ઉદ્યોગપતિઓની માયાજાળ બની ગયું છે. કુદરતી સંપત્તિની છૂટે હાથ લહાણી થઈ રહી છે. મોટા ઉદ્યોગ જૂથને ઘીકેળાં છે. કાર્બન ક્રેડિટ વિશે ખૂબ વેધક ચર્ચા કરતાં તેઓએ જણાવ્યું કે આખોય પ્રશ્ન

## રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારો

૨૦૦૬-૦૭માં રૂ. ૧૧૩૦૦ કરોડનું ભંડોળ ૨૭ રાજ્યોમાં ૨૦૦ જિલ્લામાં ધારાના અમલ માટે ફાળવવામાં આવ્યું હતું. એપ્રિલ-૨૦૦૭માં આ રોજગાર બાંયધરી કાર્યક્રમ બીજા ૧૩૦ જિલ્લામાં અમલમાં મૂકાયો તેથી ૨૦૦૭-૦૮ માટે તેની ફાળવણી વધારીને રૂ. ૧૨૦૦૦ કરોડની કરવામાં આવી હતી. જિલ્લાઓની સંખ્યામાં વધારો થયો, પરંતુ ભંડોળની ફાળવણીમાં તેટલા પ્રમાણમાં વધારો ના થયો. તેથી સૌથી ગરીબ જિલ્લાઓમાં ધ્યાન કેન્દ્રિત કરવાના કાર્યક્રમના મુખ્ય ઉદ્દેશ સામે જ વાંધો ઉઠાવી શકાય. જ્યારે આ કાર્યક્રમ હેઠળ ૨૦૦ જિલ્લાને આવરી લેવાયા હતા ત્યારે જિલ્લા દીઠ રૂ. ૫૬ કરોડની ફાળવણી કરાઈ હતી અને જ્યારે વધુ ૧૩૦ જિલ્લાને આવરી લેવાયા ત્યારે જિલ્લા દીઠ ફાળવણી ઘટીને રૂ. ૩૬ કરોડ થઈ ગઈ.

ઓછી ફાળવણીની સમસ્યા ઉપરાંત આ કાર્યક્રમની મોટી સમસ્યાઓ એ પણ છે કે તેના અમલ માટેના માળખાની રચનામાં વિલંબ થયો છે, પુરવઠાલક્ષી અભિગમને બદલે માંગપ્રેરિત અભિગમ આવ્યો છે, જાગૃતિ ઝુંબેશ અપૂરતી છે અને બિન-અસરકારક છે, નાણાંની ભારે ઉચાપત થાય છે અને ભંડોળ વપરાતું પણ નથી.

માહિતીની પ્રાપ્તિ સરળ બનાવવામાં અને પારદર્શિતા લાવવામાં માહિતી અને સંચાર ટેક્નોલોજી મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. માહિતીને ગરીબો અને સમાજના છેવાડાના વર્ગો સુધી લઈ જઈને સામાજિક અન્વેષણ જેવી પારદર્શિતાની વ્યવસ્થાઓને તે ટેકો આપી શકે છે. તેનો વિકાસ થાય તો તે શહેરી અને ગ્રામીણ શાસન વચ્ચેની ખાઈ પૂરી શકે અને તે માટે શાસનની કાર્યક્ષમ અને સર્વાંગી પ્રક્રિયા માટે પંચાયતોને માહિતી પૂરી પાડી શકે. તેની આવી ભૂમિકાનું એક ઉદાહરણ ઈ-ચૌપાલ છે કે જેમાં ખેડૂતોને ઉત્પાદકતા વધારવા માટે યોગ્ય ભાવો મેળવવા માટે અને ખર્ચ ઘટાડવા માટે જરૂરી એવાં માહિતી, વસ્તુઓ અને સેવાઓ પૂરાં પાડવામાં આવે છે.

ખૂબ ચર્ચા માંગી લે છે. આથી ગરીબી દૂર થવાની છે તે વાત સ્વીકારી શકાય તેમ નથી. ઉદ્યોગોના આવવાથી નાના ધંધાવાળાનું કોઈ સાંભળનાર નથી. પણ તેમની રોજગારીના પુનર્વસન વિશે કોઈ જ સાંભળતું નથી. ઘર જાય તો પુનર્વસન પણ ધંધો જાય તો નહીં! ગૌચરની જમીનો ઉદ્યોગોને કોઈ રોકટોક વિના ફાળવાય છે. ઉદ્યોગો માટે ૨૫ ટકા ગ્રીનબેલ્ટ બનાવવો જરૂરી છે. આ માટે ઉદ્યોગો સરકાર માટે ૫૦ ટકા વધારાની જમીન માંગે છે. એક બાજુ ગરીબોના ઘર કે ખેતી માટે જમીન નથી એમ કહેવામાં આવે છે. તો આ જમીનો ક્યાંથી આવે છે? ગુજરાતમાં વધતા જતા કંપની રાજ અંગે તેઓએ દહેશત વ્યક્ત કરતાં કહ્યું કે કચ્છમાં ઉદ્યોગો માટે ખાસ નહેર ફાળવવામાં આવશે. કેટલી હદ સુધી ઉદ્યોગોની તરફદારી કરીશું! અને કોના ભોગે! મહુવા - ભાવનગર ખાતે નિરમા પાવર પ્લાન્ટના ઉદાહરણમાં એક ધ્યાન ખેંચતું ઉદાહરણ એ હતું કે ગુજરાત સરકારે ૮ કરોડના ખર્ચે ત્યાં બંધારો બનાવ્યો છે અને આવા જળાશયને અકબંધ/સલામત રાખવાની ખાતરી અપાઈ હોવા છતાં આ બંધારો કંપનીઓને ફાળવી દેવાય તો ના નહીં! આમ લોકોના હિતને અવગણવામાં આવી રહ્યું છે એ ચિંતાનો વિષય છે.

આરોગ્ય સેવાઓની સ્થિતિ વિશે પોતાના મંતવ્યો રજૂ કરતાં જાણીતા કર્મશીલ શ્રી રેણુ ખન્નાએ જણાવ્યું કે નેશનલ રૂરલ હેલ્થ મિશન એ માત્ર ગ્રામીણ સ્થિતિની વાત કરે છે તો પછી શહેરી સ્થિતિનું શું? આજકાલ આરોગ્ય સેવાઓમાં ખાનગીકરણની શક્યતાઓ વધતી દેખાતી જાય છે. રાજ્ય તેની પ્રાથમિક જવાબદારીમાંથી દૂર થતું લાગે છે અને આવી આવશ્યક સેવાઓ લોકોને રાહત ભાવે કે વ્યાજબી કિંમતે મળવી જોઈએ તે કરતાં તો તેમને એ સેવાઓ ખૂબ મોટો ખર્ચ કરી ખરીદવી પડશે. જે તેમને પોષાય તેમ નથી. આરોગ્ય સેવાઓનું માત્ર નિયમન કરવાની જરૂર નથી પણ એને સમયસર પૂરી પાડવાની જરૂર છે. આરોગ્ય સેવાઓની ખાનગીકરણ માટે નિશ્ચિત નિયમો-કાનૂનો ઘડાવવા જોઈએ. આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં જે સાધનો નાણાં ભંડોળ ખૂટે છે તે સમયસર પુરા થવા જોઈએ. આરોગ્ય સેવાઓમાં ઘટતું જતું બજેટ એ ચિંતાનો વિષય છે.

અસંગઠિત મજૂરો અને સામાજીક સુરક્ષા એ વિશે બોલતાં જીમોલ ઉન્ની પ્રો. ઈરમા એ ભાર આપ્યો હતો કે સરકાર આ બાબતે કોઈ ચિંતા કરતી હોય તેમ લાગતું નથી. 'સામાજિક સુરક્ષા'નો કાનૂન એ અસંગઠિત મજૂરો માટે લાગુ હોવો જોઈએ. આ માત્ર કામના કલાકો અને મહેનતાણાંનો પ્રશ્ન નથી. પણ મજૂર કઈ દશામાં કામ કરે છે તેનો ખ્યાલ કરવો પડશે. તેના આવાસ, આરોગ્ય, શિક્ષણ, રહેઠાણની જમીન અને કામ ઉપર મળતી પ્રાથમિક સગવડોની સમીક્ષા થવી જોઈએ. મોટા ભાગે જે ઉત્પાદન કરે છે તેને ખૂબ ઓછું વળતર મળે છે. પણ જે વેચાણ પ્રક્રિયામાં જોડાયેલો છે તેવા વચેટિયાને વધુ વળતર મળે છે. ટૂંકમાં શ્રમની કોઈ ખાસ કિંમત મળતી નથી. સામાજિક સુરક્ષાના જે નીતિ નિયમો બનાવ્યા છે તે જવાબદેહીને સ્પષ્ટ કરતાં નથી. માત્ર યોજનાની અમલીકરણની રૂપરેખાની જ વાત કરે છે. અસંગઠિત મજૂરો એ વધુ સંગઠિત થઈ પોતાની માગણીઓ રજૂ કરવી પડશે.

# શિક્ષણના અધિકારનો કાયદો

તાજેતરમાં ભારતની સંસદે ૬થી ૧૪ વર્ષની વયનાં બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ પૂરું પાડવા માટે એક કાયદો પસાર કર્યો છે. અગાઉ સંસદે ભારતના બંધારણમાં કલમ-૨૧એ ઉમેરીને પ્રાથમિક શિક્ષણને નાગરિકોનો મૂળભૂત અધિકાર બનાવ્યો હતો. આ બંધારણીય સુધારાના સંદર્ભમાં જ આ કાયદો પસાર કરાયો છે. તેની કેટલીક મહત્ત્વની જોગવાઈઓ અહીં **શ્રી હેમન્તકુમાર શાહ** દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

## શિક્ષણના અધિકારના કાયદાની જોગવાઈઓ

ભારતના બંધારણમાં લગભગ છ વર્ષ અગાઉ સંસદે સુધારો કરીને કલમ-૨૧એ ઉમેરીને પ્રાથમિક શિક્ષણને મૂળભૂત અધિકાર તરીકે પ્રસ્થાપિત કર્યો. એ પછી તેને કાર્યાન્વિત કરવા માટે બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર ધારો-૨૦૦૯ પસાર કરવામાં આવ્યો છે. તેને ટૂંકમાં શિક્ષણના અધિકારના કાયદા તરીકે ઓળખવામાં આવે છે. આ કાયદાની કેટલીક મહત્ત્વની જોગવાઈઓ અહીં રજૂ કરવામાં આવી છે. કાયદામાં કુલ ૭ પ્રકરણ અને ૩૭ કલમો છે તથા એમાં એક અનુસૂચિ પણ છે.

**બાળકો માટે તેનો અર્થ**

૧. ૬થી ૧૭ના વય જૂથમાં આવતા દરેક બાળકને તે પ્રારંભિક શિક્ષણ પૂરું ન કરે ત્યાં સુધી નજીકમાં જ મફત અને ફરજિયાત શિક્ષણ પ્રાપ્ત કરવાનો અધિકાર છે. કોઈ પણ બાળકે તેને માટે કોઈ ફી કે ખર્ચ ચૂકવવાનાં નથી, કે જેને લીધે તે શાળામાં હાજરી આપતાં અને શિક્ષણ પૂરું કરતાં અટકી જાય.

૨. ૬ વર્ષથી વધુ વયનું બાળક જો શાળામાં દાખલ ન થયું હોય તે નોંધાયું ન હોય અથવા જો તે તેનું શિક્ષણ પૂરું કરી શક્યું ન હોય તો તેને આ ઉંમર સુધીમાં યોગ્ય ધોરણમાં દાખલ કરવામાં આવશે. જો બાળક તેના શિક્ષણમાં પાછળ રહી ગયું હોય અથવા જો તે પહેલી જ વાર શાળામાં દાખલ થતું હોય તો તેને તેના શિક્ષણમાં આગળ વધવા માટે મદદ કરવા વિશિષ્ટ જોગવાઈઓ પ્રાપ્ત કરવાનો પણ તેને અધિકાર છે. જે બાળક શાળામાં દાખલ થાય છે તેને તે ૧૪ વર્ષથી વધુ વયનું થાય તો પણ મફત પ્રારંભિક શિક્ષણ પ્રાપ્ત કરવાનો અધિકાર છે.

૩. બાળક નજીકની શાળામાં પ્રારંભિક શિક્ષણ પૂરું કરે તે માટે કોઈ જોગવાઈ અસ્તિત્વમાં ન હોય તો બાળકોને યોગ્ય શાળામાં તબદીલ થવાનો પણ અધિકાર છે. આવા કિસ્સામાં તબદીલી અંગે પ્રમાણપત્ર આપવામાં જો વિલંબ થાય તો હેડ માસ્ટર સામે શિસ્તભંગનાં પગલાં લઈ શકાય છે.

૪. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ ધારા-૧૯૯૬ની જોગવાઈ અનુસાર વિકલાંગ બાળકોને મફત અને ફરજિયાત પ્રારંભિક શિક્ષણ મેળવવાનો અધિકાર ચાલુ રહેશે.

**સરકાર અને સ્થાનિક સત્તાવાળાઓની જવાબદારીઓ**

૧. સ્થાનિક સત્તાવાળાઓ અથવા સરકારે જો શાળા હાલ અસ્તિત્વમાં ન હયો તો આ ધારા હેઠળ પ્રારંભિક શાળા ત્રણ વર્ષના ગાળામાં સ્થાપવાનું અનિવાર્ય છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર બંને આ માટે ભંડોળ પ્રાપ્ય કરાવશે.

૨. કેન્દ્ર સરકાર અભ્યાસક્રમનું માળખું ઘડવા માટે, શિક્ષકોની તાલીમ નક્કી કરવા અને તેનાં ધોરણોનો અમલ કરવા માટે અને સંશોધન, આયોજન અને ક્ષમતા નિર્માણ માટે ટેકનિકલ ટેકો રાજ્ય સરકારને પૂરો પાડવા જવાબદાર છે.

૩. સરકાર જેને માટે ખર્ચ કરતી નથી તે શાળાઓમાં જો બાળકો દાખલ થયાં હશે તો તેમને મફત શિક્ષણનો અધિકાર નથી.

૪. જે શાળાઓ સહાય પ્રાપ્ત કરે છે તેમણે સમાજનાં નબળા વર્ગો અને લાભવંચિત જૂથોનાં બાળકોને શાળામાં દાખલ કરવાં પડશે અને તેમને માટે તેમની પડોશમાં મફત પ્રારંભિક શિક્ષણ પૂરું પાડવું પડશે. કુલ બાળકોમાં આવાં બાળકોની સંખ્યા ઓછામાં ઓછી ૨૫ ટકા હોવી જોઈશે.

૫. શાળામાં દાખલ થયેલા બાળકને શાળામાંથી હાંકી નહીં કઢાય અથવા તેને કોઈ ધોરણમાં મૂકી રાખવામાં આવશે નહીં.

૬. યોગ્ય સરકારી સત્તામંડળ દ્વારા એ સુનિશ્ચિત થવું જોઈએ કે બાળકો સામે અને ખાસ કરીને સમાજના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, ગરીબીની રેખા નીચે જીવનારા લોકો વગેરે જેવા નબળા વર્ગો તથા છેવાડાના લોકોનાં બાળકો પ્રત્યે શાળામાં દાખલ કરવા સંબંધી અથવા તેમનું પ્રારંભિક શિક્ષમ પૂરું કરવા સંબંધી કોઈ ભેદભાવ કરવામાં આવે નહીં. સરકાર શાળા માટેનાં યોગ્ય મકાનો સહિત યોગ્ય રીતે તાલીમબદ્ધ એવા શિક્ષકો, ભણતરની સામગ્રી અને સાધનો પૂરાં પાડશે.

૭. આ ધારાની જોગવાઈઓના અમલ માટે કેન્દ્ર સરકાર મૂડી ખર્ચ અને આવર્તક ખર્ચના અંદાજો તૈયાર કરશે. તે રાજ્ય સરકારોને અનુદાન આપશે.

૮. નાણાં પંચ પણ રાજ્ય સરકારોને આ ધારાના અમલ માટે

**ભારતમાં શિક્ષણ પાછળ થતું જાહેર ખર્ચ**

| વર્ષ | કુલ ખર્ચમાં શિક્ષણના ખર્ચનું ટકાવારી પ્રમાણ | જીડીપીમાં ટકાવારી પ્રમાણ |
|---|---|---|
| ૧૯૯૯-૨૦૦૦ | ૧૪.૬૦ | ૪.૧૯ |
| ૨૦૦૦-૦૧ | ૧૪.૪૨ | ૪.૨૮ |
| ૨૦૦૧-૦૨ | ૧૨.૮૯ | ૩.૮૦ |
| ૨૦૦૨-૦૩ | ૧૨.૬૦ | ૩.૭૭ |
| ૨૦૦૩-૦૪ | ૧૧.૯૮ | ૩.૪૯ |
| ૨૦૦૪-૦૫ | ૧૨.૧૩ | ૩.૩૯ |
| ૨૦૦૫-૦૬ | ૧૨.૬૮ | ૩.૫૮ |

સ્રોતઃ સિલેક્ટેડ એજ્યુકેશનલ સ્ટેસ્ટિક્સ, ૨૦૦૪-૦૫

અનુદાનની ભલામણ કરે તે માટે કેન્દ્ર સરકાર રાષ્ટ્રપતિને વિનંતી કરી શકે છે.

૯. ૩ વર્ષથી વધુ વયનાં બાળકો પ્રારંભિક શિક્ષણ લઈ શકે તે માટે તેમને સક્ષમ બનાવવા સરકાર પૂર્વપ્રાથમિક શિક્ષણ મફત પૂરું પાડવા માટે વ્યવસ્થા કરશે.

**શિક્ષકો અને શાળાઓની જવાબદારીઓ**

૧. શાળાઓ અને તેમના કર્મચારીઓને કોઈ પણ બાળકને દાખલ કરતી વખતે એડમિશન માટે કે તેમની પસંદગી માટે કઈ ફી લેવા દેવામાં આવશે નહીં. જો તેઓ આમ કરશે તો તે સજાને પાત્ર ગુનો ગણાશે. તેઓ એડમિશન માટે ઉંમરનો પુરાવો માગી શકે છે. જો કે, ઉંમરના પુરાવાના અભાવે કોઈ પણ બાળકને એડમિશન આપવાનો ઈનકાર કરી શકશે નહીં.

૨. તમામ શાળાઓએ સંચાલન સમિતિની રચના કરવી જોઈએ. તેમાં સ્થાનિક સત્તાવાળાઓ, શાળાના શિક્ષકો, મા-બાપો અને વાલીઓ સહિતના લોકો હશે. તેમાં ઓછામાં ઓછા ૫૦ ટકા સભ્યો મહિલાઓ અને નબળા તથા લાભવંચિત વર્ગોના લોકો હશે. આ સમિતિ આટલાં કાર્યો કરશેઃ શાળાની કામગીરી ઉપર દેખરેખ રાખશે, શાળાના વિકાસની યોજના તૈયાર કરશે અને તેની ભલામણ કરશે, સ્થાનિક કે રાજ્યના સત્તાવાળાઓ પાસેથી મળતા અનુદાનના ઉપયોગ ઉપર પણ દેખરેખ રાખશે.

૩. શિક્ષક પાસે લઘુતમ લાયકાતો હશે જ. જે કિસ્સામાં આવી લાયકાત ન હોય તેમણે પાંચ વર્ષના ગાળા દરમ્યાન યોગ્ય લાયકાતો મેળવી લેવાની રહેશે. ફાળવવામાં આવેલા સમયપત્રકમાં અભ્યાસક્રમ પૂરો કરવા ઉપરાંત, શિક્ષકોએ દરેક બાળકની ભણતરની ક્ષમતાનું મૂલ્યાંકન કરવાનું રહેશે અને જો જરૂરી હોય તો વધારાની પૂરક કામગીરી કરાશે.

૪. કોઈ પણ શિક્ષક ખાનગી ટ્યુશન કરી શકશે નહિ.

૫. શિક્ષકોએ મા-બાપો અને વાલીઓ સાથે નિયમિતપણે બેઠકો યોજવી જોઈએ, કે જેથી દરેક બાળકની ભણતરની પ્રક્રિયા, હાજરીમાં અનિયમિતતા અને બાળકની ભણતરની ક્ષમતાનાં અન્ય પાસાંનું મૂલ્યાંકન કરી શકાય.

૬. શાળાનો અભ્યાસક્રમ બાળકના સર્વાંગી વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરનારો હોવો જોઈએ. તે બાળકનાં જ્ઞાન, ક્ષમતા અને પ્રતિભા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે તથા વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ભણતર થાય અને બાળકકેન્દ્રી અને બાળકમિત્ર એવી પદ્ધતિઓ દ્વારા ભણતર થાય તેના ઉપર તે કેન્દ્રિત હોવો જોઈએ.

૭. દરેક બાળકને પ્રારંભિક શિક્ષણ પૂરું થયે પ્રમાણપત્ર અપાશે.

**મા-બાપો અને વાલીઓની જવાબદારીઓ**

૧. મા-બાપો અને વાલીઓની એ જવાબદારી છે કે તેઓ તેમનાં બાળકોને નજીકની પ્રારંભિક શાળામાં દાખલ કરે.

**બાળકોના અધિકારોનું રક્ષણ**

૧. કોઈ પણ બાળકને શારીરિક સજા કરવામાં આવશે નહીં કે તેને માનસિક રીતે ત્રાસ આપવામાં આવશે નહિ.

૨. બાળ અધિકારોના રક્ષણ માટેના રાષ્ટ્રીય પંચ અને જે તે રાજ્યના બાળ અધિકાર રક્ષણ પંચ દ્વારા આ ધારા હેઠળના અધિકારો માટેની સુરક્ષા વ્યવસ્થા તપાસાશે અને તેમની સમીક્ષા કરવામાં આવશે. તે ઉપરાંત, તેઓ બાળ અધિકારોના તથા મફત અને ફરજિયાત શિક્ષમના અધિકારના રક્ષણ સંબંધી પ્રશ્નો અને ફરિયાદો અંગે તપાસ કરશે. આવી તમામ ફરિયાદો સ્થાનિક સત્તાવાળાઓ સમક્ષ કરવાની રહેશે.

## શિક્ષણ માટેનું જાહેર ખર્ચ

આ કાયદાના અમલ માટે શિક્ષણ પાછળનું જાહેર ખર્ચ વધે એ જરૂરી છે. શું એવી પ્રતિબદ્ધતા રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકારમાં છે ખરી? ૨૦૦૬નો માનવ વિકાસ અહેવાલ એમ જણાવે છે કે ભારતમાં ૨૦૦૨-૦૪ દરમ્યાન જીડીપીના માત્ર ૩.૩ ટકા જેટલું જ જાહેર ખર્ચ શિક્ષણ પાછળ થતું હતું. આ પ્રમાણ અમેરિકામાં ૫.૯ ટકા અને મલેશિયામાં ૮ ટકા જેટલું છે. ફ્રાન્સ ૬ ટકા, યુકે ૫.૫ ટકા, બ્રાઝિલ ૪.૧ ટકા, દક્ષિણ આફ્રિકા ૫.૪ ટકા અને મેક્સિકો ૫.૮ ટકા સાથે ભારતથી આગળ છે. ભારતમાં છેલ્લાં કેટલાંક વર્ષો દરમ્યાન કુલ ખર્ચમાં શિક્ષણ પાછળ થતા ખર્ચનું પ્રમાણ ઘટતું ગયું છે અને જીડીપીના સંદર્ભમાં પણ તેનું પ્રમાણ ઘટ્યું છે. એની વિગતો આ સાથેના કોઠામાં આપવામાં આવી છે.

## કાયદામાં રહેલી કેટલીક મહત્ત્વની ખામીઓ

આ કાયદો સંસદ દ્વારા તા.૪-૮-૨૦૦૯ના રોજ પસાર કરવામાં

આવ્યો છે. તે એક પ્રગતિશીલ કાયદો લાગે છે. પરંતુ તેને કાળજીપૂર્વક જોતાં એમ જણાય છે કે બંધારણમાં કલમ-૧૪, કલમ-૨૧, કલમ-૨૧એ અને કલમ-૩૮માં જે જોગવાઈઓ કરાઈ છે તેમનું પાલન આ કાયદામાં પૂરેપૂરું કરવામાં આવ્યું નથી. આ દૃષ્ટિએ કેટલીક બાબતો નીચે મુજબ જણાવી શકાયઃ

(૧) કલમ-૩માં કેપિટેશન ફીનો અર્થ શાળા દ્વારા જાહેર કરાયેલી ફી સિવાયનું કોઈ પણ દાન કે ફાળો કે ચુકવણી થાય છે. પણ તેનો અર્થ એવો પણ થાય કે જો શાળા કોઈ પણ ફી જાહેર કરે તો તે કાનૂની પણ ગણાય. આ કાયદામાં ફી ઉપર નિયમન રાખવાની કોઈ વ્યવસ્થા નથી. વળી, કલમ-૨૧ અને કલમ-૨૧એમાં મફત અને ફરજિયાત શિક્ષણની જોગવાઈ કરવામાં આવી છે. તેને માબાપની નાણાં ચૂકવવાની ક્ષમતા સાથે કશો સંબંધ નથી. એનો અર્થ એ છે કે શાળા ખાનગી હોય કે સરકારી બાળકને શિક્ષણ મફત જ મળવું જોઈએ. ખાનગી શાળાનો પણ બધો જ ખર્ચ રાજ્યે ઉપાડવો જોઈએ. પરંતુ કાયદાની કલમ-૮માં તો એવી જોગવાઈ કરવામાં આવી છે કે જો બાળક ખાનગી શાળામાં ભણતું હોય તો તેને રાજ્ય કોઈ ખર્ચ ભરપાઈ ન કરી આપે.

(૨) કલમ-૨(એન)માં જુદો જુદો સામાજિક આર્થિક દરજ્જો ધરાવતાં બાળકો માટે જુદી જુદી શાળાઓને પરવાનગી આપવામાં આવી છે. એટલે કે તમામ બાળકો માટે એક જ શ્રેણીની શાળા નક્કી કરાઈ નથી. વાસ્તવમાં, કલમ-૨(પી)માં નિશ્ચિત શ્રેણીની શાળામાં કેન્દ્રીય વિદ્યાલય, સૈનિક શાળા અને સરકાર નક્કી કરે તે શાળાનો સમાવેશ કરાયો છે. રાજ્યનાં નાણાં જેમાં મળતાં હોય તેમાં વળી જુદા પ્રકારની શાળા કેવી રીતે હોઈ શકે? એનો અર્થ એવો થાય કે સમાજના બધા વર્ગોને એડમિશનની સમાન તક મળતી નથી. આવી નિશ્ચિત શ્રેણીની શાળાઓમાં સમાજનાં નબળા વર્ગોનાં બાળકો માટે ૨૫ ટકા અનામત બેઠકો એ તો મજાક લાગે છે કારણ કે દેશમાં (અ) અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની વસ્તી જ ૨૨ ટકા, (બ) દેશમાં આવક વેરો ભરતા કે ભરવો જોઈએ પણ ન ભરતા લોકોની સંખ્યા આશે ૫ કરોડથી વધારે નથી, (ક) દેશમાં ગરીબીની રેખા નીચે જીવનારા લોકોનું પ્રમાણ ૨૦૦૪-૦૫માં ૨૭.૫ ટકા છે.

(૩) કલમ-૭માં પ્રાથમિક શિક્ષણ અંગેની નાણાકીય જવાબદારી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચે વહેંચવા વિશેની જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈથી એમ જણાય છે કે કેન્દ્ર સરકાર રાજ્યોને એક સમાન રીતે નાણાં પૂરાં પાડશે નહિ. વળી, કલમ-૭(૩)માં કરાયેલી જોગવાઈ અનુલસાર જેટલાં નાણાં કેન્દ્ર રકાર તરફથી અપાશે તેના કરતાં વધારે નાણાંની રાજ્ય સરકારો કેન્દ્ર સરકાર પાસે માગી શકશે નહિ. આ કાયદા અનુસાર નાણાં પૂરાં પાડવા માટે રાજ્ય સરકારોને જવાબદાર બનાવવામાં આવી છે. બીજી તરફ, રાજ્ય સરકારોએ તો એમ જાહેર કરી દીધું છે કે આ કાયદાના અમલ માટે તેમની પાસે નાણાં છે જ નહિ. તો પછી કાયદાનો અમલ થશે કેવી રીતે?

(૪) કલમ-૧૦માં માબાપો તેમનાં બાળકોને પડોશની શાળામાં મોકલે એ માબાપોની જવાબદારી છે એમ જણાવવામાં આવ્યું છે. માબાપોની જવાબદારી છે એ વાત સાચી છે, પરંતુ બાળકને શાળામાં લાવવાની જવાબદારી રાજ્યની છે એનું શું? આમ, રાજ્ય જવાબદારીમાંથી છટકી જાય છે!

(૫) કલમ-૧૩ (૨)માં એવી જોગવાઈ કરવામાં આવી છે કે એડમિશન માટે જો શાળા કેપિટેશન ફી લેશે તો તેને દંડ કરવામાં આવશે. જો સરકાર દંડ કરશે તો શાળાઓ એ દંડ બાળકો કે તેમના વાલીઓ પાસેથી જ વસૂલ કરશે. એટલે એ રીતે દંડે શાળાને નથી થતો પરંતુ વાલીઓને જ થાય છે. એટલે માત્ર દંડની જોગવાઈથી કંઈ વળે નહિ, શાળાના સંચાલકોને કેદની સજા થયા એ જરૂરી છે.

(૬) કલમ-૨૬માં શાળામાં શિક્ષકોની માન્ય સંખ્યામાંથી ૧૦ ટકા શિક્ષકોની જગ્યા ખાલી રાખવા માટે સરકારને પરવાનગી આપવામાં આવી છે. આમ, જુઓ તો, સામાન્ય રીતે શાળામાં ૧૦ ટકા શિક્ષકો એક યા બીજાં કારણોસર રજા ઉપર રહેતા હોય છે. એટલે આ રીતે તો, ૨૦ ટકા શિક્ષકોની ઘટ કાયમી રીતે ઊભી થાય. ખરેખર તો, જો શાળાઓમાં શિક્ષણ સુપેરે ચલાવવું હોય તો ૧૦ ટકા વધારે શિક્ષકો હોવા જોઈએ કે જેથી રજા ઉપરના શિક્ષકોનો ખોટ ભરપાઈ થઈ જાય.

(૭) કલમ-૩૧માં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર આ કાયદાના અમલ ઉપર દેખરેખ રાખવાની જવાબદારી નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સને સોંપવામાં આવી છે. કલમ-૩ હેઠળ તેની રચનાની જોગવાઈ કરાઈ છે. રાજ્ય સ્તરે પણ આવા પંચની રચનાની જોગવાઈ કમિશન્સ ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ એક્ટની કલમ-૧૭ હેઠળ કરાઈ છે. પ્રશ્ન એ છે કે મોટા ભાગનાં પંચો સરકારી ખાતાંની જેમ ચાલે છે ત્યારે શું આ પંચો સારી રીતે અમલ ઉપર દેખરેખ રાખી શકશે? દરેક જિલ્લા ન્યાયાધીશને આ કાયદાના અમલ ઉપર દેખરેખ રાખવાનું કામ સોંપાયું છે. પણ જિલ્લા ન્યાયાધીશો પર કામનો બોજો ખૂબ જ છે અને ઢગલાબંધ કેસોનો નિકાલ લાવવાનો બાકી પડ્યો છે ત્યારે તેઓ આ કાયદાના અમલ ઉપર દેખરેખ રાખવાનું કામ કેવી રીતે કરી શકશે?

(૮) આ કાયદામાં સરકારી સત્તાવાળાઓ જો ફરજચ્યુત થાય તો તેમને દંડ કરવાની જોગવાઈ કરવામાં આવી નથી. માહિતી અધિકાર ધારામાં જેવી જોગવાઈ કરવામાં આવી છે તેવી જોગવાઈ આ કાયદામાં પણ કરવી જોઈતી હતી, પણ તે થઈ નથી તેથી સત્તાવાળાઓ કાયદાના અમલ વિશે ગંભીર થશે કે કેમ એ એક શંકા છે.

સંદર્ભઃ cbrnetworksouthasia.org

# અન્નનો અધિકાર

ભારતમાં ખૂબ મોટા પ્રમાણમાં ભૂખમરો અને અપોષણ પ્રવર્તે છે ત્યારે કેન્દ્ર સરકાર તેના નિવારણ માટે અન્નનો અધિકાર પ્રસ્થાપિત કરતો એક કાયદો લાવી રહી છે. આ કાયદાના મુસદ્દાની કેટલીક મહત્ત્વની જોગવાઈઓ અને આ કાયદામાં રહેલી ખામીઓ દૂર કરવા અંગે કરવામાં આવતાં સૂચનો વિશે આ લેખમાં રજૂઆત કરવામાં આવી છે.

## પ્રસ્તાવના

કોંગ્રેસ પક્ષે ૨૦૦૯ના મેમાં યોજાનારી લોકસભાની ચૂંટણીઓ અગાઉ તેના પોતાના ચૂંટણી ઢંઢેરામાં અન્નનો અધિકાર પ્રસ્થાપિત કરતો કાયદો કરવાનું વચન આપ્યું હતું. આ દિશામાં હવે ચક્રો ગતિમાન થયાં છે. અન્નનો અધિકાર (સુરક્ષા અને સલામતીની બાંયધરી) ધારાનો એક મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે. આ ધારામાં તમામ નાગરિકોને સુરક્ષિત અને પોષણક્ષમ આહાર પ્રાપ્ત કરવાનો ભૌતિક, આર્થિક અને સામાજિક અધિકાર છે એમ પ્રસ્થાપિત થાય છે. આ રીતે જોઈએ તો, ભૂખમરામાંથી અને કુપોષણમાંથી મુક્તિ મેળવવી એ એક મૂળભૂત અધિકાર છે એમ આ કાયદો પ્રસ્થાપિત કરે છે.

૧૦મી પંચવર્ષીય યોજના (૨૦૦૨-૦૭)ના ગાળા દરમ્યાન ગરીબીની રેખા નીચે જીવનારા લોકોની ગણતરી માટે જે સર્વે કરવામાં આવ્યો તે મુજબ ૨૦૦૪-૦૫માં ભારતમાં ગરીબીની રેખા નીચે જીવનારા લોકોનું પ્રમાણ ૨૭.૫ ટકા હોવાનું બહાર આવ્યું હતું. આ દૃષ્ટિએ ભારતમાં તે સમયે આશરે ૩૦ કરોડ લોકો ગરીબીની રેખા નીચે જીવતા હતા. ૧૯૯૮-૯૯ના આંકડા અનુસાર દેશમાં ગરીબીની રેખા નીચે જીવનારા લોકોનું પ્રમાણ ૨૬.૧ ટકા જેટલું હતું. આમ ગરીબીની રેખા નીચે જીવનારા લોકોનું પ્રમાણ વધ્યું છે.

વિશ્વ બેંકે તેના બે વર્ષ અગાઉના વિશ્વ વિકાસ અહેવાલમાં એમ જણાવ્યું હતું કે રોજની માથાદીઠ ૧ ડોલરની આવક કરતાં ઓછી આવક પ્રાપ્ત કરનારા લોકોનું પ્રમાણ ભારતમાં ૩૫ ટકા છે, જ્યારે રોજની માથાદીઠ ૨ ડોલરની આવક કરતાં ઓછી આવક પ્રાપ્ત કરનારા લોકોનું પ્રમાણ ૮૫ ટકા છે. આમ આંતરરાષ્ટ્રીય ગરીબીની રેખા અનુસાર તો ભારતમાં ખૂબ જ મોટી વસ્તી ગરીબ જણાય છે.

નાણાં પ્રધાને તા.૬.૭.૨૦૦૯ના રોજ પોતાના અંદાજપત્રીય પ્રવચનમાં એમ જણાવ્યું છે કે ગરીબીનું પ્રમાણ આગામી પાંચ વર્ષના ગાળા દરમ્યાન અડધું કરવામાં આવશે. આ દૃષ્ટિએ આ એક ભગીરથ કાર્ય છે અને ગરીબોને પૂરતા પ્રમાણમાં અન્ન પહોંચે તેવી વ્યવસ્થા ઊભી કરવી એ એક મોટો પડકાર છે.

ગરીબોને અન્ન પૂરું પાડવાની અનેક યોજનાઓ હોવા છતાંય અપોષણનું પ્રમાણ અને તેને લીધે થતાં મોતનું પ્રમાણ ભારતમાં ખૂબ જ વધારે છે એ ચિંતાજનક છે. તાજેતરના યુનિસેફના એક અહેવાલ અનુસાર ભારતમાં દરરોજ ૫ વર્ષથી નીચેની વયનાં ૫૦૦૦ બાળકો અપોષણને લીધે મૃત્યુ પામે છે. ઉપરાંત, દર વર્ષે ૧ લાખથી વધુ પ્રસૂતા સ્ત્રીઓ મૃત્યુ પામે છે. જો પૂરતો અને પોષક આહાર મળે તો આ મોત અને બીજાં ઘણાં બધાં મોત અટકાવી શકાય છે. અન્નના અધિકારને પ્રસ્થાપિત કરતો જે આ કાનૂન બનાવવાનો ઈરાદો વ્યક્ત કરવામાં આવ્યો છે તે આ સંદર્ભમાં મહત્ત્વનો છે. અનેક યોજનાઓ હોવા છતાં ગરીબોને પૂરતું અન્ન ન મળતું હોવાની સમસ્યા તો રહી જ છે. આ કાનૂનથી અન્નનો અધિકાર પ્રસ્થાપિત થશે એ એક મહત્ત્વની બાબત છે. રાજ્ય તરફથી આ રીતે અન્ન સલામતી ઊભી કરવાના સંદર્ભમાં મહત્ત્વની દરમ્યાનગીરી ઊભી થશે એમ લાગે છે.

## મહત્ત્વની કાનૂની જોગવાઈઓ

આ કાયદામાં કરવામાં આવેલી કેટલીક મહત્ત્વની જોગવાઈઓ નીચે મુજબ છે:

(૧) ગરીબીની રેખા નીચે જીવતા પરિવારો ઉપરાંત અન્ય લાભાર્થીઓને પણ દર મહિને ૩ રૂ.ના ભાવે ૩૫ કિલોગ્રામ અનાજ પૂરું પાડવામાં આવશે.

(૨) એકાકી નારીનો પરિવાર, રક્તપિત્ત, એચઆઈવી અને માનસિક બીમારીથી પીડિતનો પરિવાર, વેઠિયા મજૂરો, નિરાધાર પરિવારો, ભૂમિહીન ખેતમજૂરો અને સ્વરોજગાર પ્રાપ્ત કારીગરોને પણ આ ભાવે અનાજ મેળવવાનો અધિકાર રહેશે.

(૩) કચરો વીણનારા લોકો, બાંધકામ કામદારો, ફેરિયાઓ, રિક્ષા ખેંચનારાઓ, ઘરેલૂ કામદારો અને અંત્યોદય અન્ન

### અન્નના અધિકાર સાથે સંકળાયેલી યોજનાઓ

'અન્ન અધિકાર ઝુંબેશ' દ્વારા જે યોજનાઓને અન્નનો અધિકાર ચરિતાર્થ કરવા માટે અગત્યની ગણવામાં આવી છે તે નીચે મુજબ છેઃ

(૧) સંકલિત બાળ વિકાસ સેવાઓ (આઈસીડીએસ)
 (અ) કિશોરી શક્તિ યોજના
 (આ) પૂરક પોષણ કાર્યક્રમ
(૨) મધ્યાહ્ન ભોજન યોજના
(૩) રાષ્ટ્રપરીય માતૃત્વ લાભ યોજના
 (નવું નામઃ જનની સુરક્ષા યોજના)
(૪) લક્ષ્યાંકિત જાહેર વિતરણ વ્યવસ્થા (ટીપીડીએસ)
 (અ) અંત્યોદય અન્ન યોજના
(૫) રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ
 (અ) રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજના
 (આ) રાષ્ટ્રીય કુટુંબ લાભ યોજના
 (ઈ) અન્નપૂર્ણ યોજના
(૬) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના
(૭) સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના

યોજના હેઠળ આવરી લેવાયેલા તમામ લોકોને પણ આ કાયદાનો લાભ મળી શકશે.

(૪) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ સાથે મસલતો કરીને લાભાર્થીઓને ફોટો ઓળખ કાર્ડ આપવામાં આવશે.

(૫) દર પાંચ વર્ષે લાભાર્થીઓની ઓળખ માટે રાષ્ટ્રીય સ્તરનો સર્વે કરવામાં આવશે.

(૬) કુદરતી આપત્તિઓ અને કોમી હિંસાનો ભોગ બનેલા પરિવારોને પણ આ યોજના હેઠળ લાભ પ્રાપ્ત થશે.

(૭) જે પરિવારોમાં છ વર્ષથી નીચેની વયનાં બાળકો, સગર્ભા સ્ત્રીઓ, કિશોરીઓ અને ધાત્રી માતાઓ હોય તે પરિવારોને દર મહિને ૭૦ કિલોગ્રામ અનાજ પૂરું પાડવામાં આવશે.

(૮) જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા આ અનાજ પૂરું પાડવામાં આવશે.

(૯) જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ દુકાનદારની પસંદગી કરવાનું કામ સ્થાનિક સ્વરાજની સંસ્થા કરશે.

(૧૦) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના પ્રતિનિધિઓ અને દુકાનદારો વચ્ચે દર ત્રણ મહિને અનાજના વિતરણની સમીક્ષા માટે બેઠક મળશે.

(૧૧) રાજ્યોએ બે વર્ષમાં જાહેર વિતરણ વ્યવસ્થાનું સંપૂર્ણ કોમ્પ્યુટરીકરણ કરવાનું રહેશે.

(૧૨) રાજ્ય સરકારે એક ટોલ ફ્રી નંબર આપવાનો રહેશે અને વેબસાઈટ ઊભી કરવાની રહેશે કે જેના ઉપર ગ્રાહકો પોતાની ફરિયાદો નોંધાવી શકે.

(૧૩) ગ્રાહકોની ફરિયાદોનો ઉકેલ ૩૯ દિવસમાં લાવવાનો રહેશે અને તેને અંગેના દસ્તાવેજો લોકો જોઈ શકે તે રીતે રાખવાના રહેશે. આ દસ્તાવેજો ઈન્ટરનેટ ઉપર પણ મૂકવાના રહેશે.

(૧૪) દરેક રાજ્યમાં આ યોજના ઉપર દેખરેખ રાખવા માટે એક કમિશનર રહેશે. તે અછતની પરિસ્થિતિની તપાસ કરશે અને તેમાં ફેરફારો સૂચવશે.

(૧૫) જો સરકારી કર્મચારીઓ આ કાયદાનો બરાબર અમલ ના કરે તો તેમને સજા કરવામાં આવશે. જો બેદરકારી દાખવવામાં આવે તો એક મહિનાથી પાંચ વર્ષના કુલ પગાર જેટલો દંડ કરી શકાશે અથવા ભૂખમરાથી કે અપોષણથી મૃત્યુ થાય તો છ મહિનાથી પાંચ વર્ષની કેદ પણ થઈ શકે છે.

### કાનૂની સુધારાની આવશ્યકતા

આ કાયદામાં કરવામાં આવેલી ઉપરોક્ત જોગવાઈઓના સંદર્ભમાં અન્નના અધિકાર વિશે ચર્ચા કરવા માટે જયપુર ખાતે ઓગસ્ટ-૨૦૦૯માં એક વિમર્શ સભા મળી હતી. આ બેઠકમાં જે મહત્ત્વના મુદ્દાઓ સૂચવવામાં આવ્યા હતા તે નીચે મુજબ છેઃ

(૧) કોઈ પણ સ્ત્રી-પુરુષ કે બાળક ભૂખ્યાં સૂઈ ન જાય અથવા અપોષણથી ન પીડાય તેની જવાબદારી સરકારની રહેવી જોઈએ.

(૨) અન્નના ઉત્પાદનમાં ચિરંતન અને સમતાપૂર્ણ સાધનોથી વધારો થાય તે માટે સરકારે જવાબદારી લેવી જોઈએ. તમામ સ્થળોએ અને તમામ સમયે અન્ન પૂરતા પ્રમાણમાં પ્રાપ્ય બને તે સરકારની ફરજ બનવી જોઈએ.

(૩) સર્વોચ્ચ અદાલતના હુકમોમાં સંકલિત બાળવિકાસ સેવાઓ, મધ્યાહ્ન ભોજન યોજના, લક્ષ્યાંકિત જાહેર વિતરણ વ્યવસ્થા, અંત્યોદય અન્ન યોજના, રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજના, રાષ્ટ્રીય માતૃત્વ લાભ યોજના, રાષ્ટ્રીય કુટુંબ લાભ યોજના વગેરેમાં અન્નના જે અધિકારો પ્રસ્થાપિત કરવામાં આવેલા છે તે આ કાયદામાં સમાવવા જોઈએ.

(૪) ઉપરોક્ત યોજનાઓમાં તેમ જ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારા હેઠળ જે લાભ પ્રાપ્ત થાય છે તે આ કાયદા હેઠળ વધવા જોઈએ પણ તે ઓછા કરવા જોઈએ નહિ.

(૫) અત્યારે જે યોજનાઓ ચાલે છે તેમાંથી બાકાત રહી ગયેલા લોકો માટે આ કાયદા હેઠળ વધુ હકો ઊભા કરવા જોઈએ. આવા લોકોમાં શાળા અધવચ્ચે છોડી જનારાં બાળકો, વૃદ્ધો, સ્થળાંતરિત કામદારો અને તેમના પરિવારો, ઘરવિહોણા

લોકો, શહેરી ગરીબો વગેરેનો સમાવેશ કરવો જોઈએ.

(૬) છ માસથી નીચેની વયનાં બાળકો માટે અન્નનો અધિકાર પ્રસ્થાપિત કરવા માતાઓને વિવિધ સેવાઓ પૂરી પાડવી જોઈએ. તેમાં જન્મ સમયે ટેકો, સ્તનપાનને પ્રોત્સાહન આપવા માટે જરૂરી સલાહ, માતૃત્વના અધિકારો અને કામના સ્થળે ઘોડિયાઘરની વ્યવસ્થા વગેરેનો સમાવેશ થવો જોઈએ.

(૭) વારંવાર થતા ભૂખમરાને રોકવા માટેની ફરજ સરકારની હોવી જોઈએ અને તે માટે કાયદામાં જોગવાઈ કરવી જોઈએ. ભૂખમરાથી પીડિત લોકો માટે અન્ન પહોંચાડવાની વ્યવસ્થા સામે ચાલીને સરકારે કરવી જોઈએ.

(૮) કુદરતી અને માનવસર્જિત આપત્તિઓનો પર્યાપ્ત રીતે સામનો કરવા માટેની જોગવાઈ તથા આંતરિક વિસ્થાપન સામે રક્ષણ આપતી જોગવાઈ પણ આ કાયદામાં હોવી જોઈએ. અસરગ્રસ્ત વિસ્તારોમાં કમ-સે-કમ એક વર્ષના ગાળા માટે બમણું અનાજ આપવાની જોગવાઈ હોવી જોઈએ.

(૯) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારામાં રોજગારી માટેની ઉપલી મર્યાદા દૂર કરાય.

(૧૦) દેશના અમુક સંપત્તિવાન લોકોને બાદ કરતાં તમામ નાગરિકોને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ આવરી લેવા જોઈએ. તેમને પરિવારદીઠ ૩૫ કિલોગ્રામ અનાજ આ વ્યવસ્થા હેઠળ મળવું જ જોઈએ, અથવા વ્યક્તિદીઠ ૭ કિલોગ્રામ અનાજ પ્રાપ્ત થવું જોઈએ. તેમાં ૩ રૂ. કિલોગ્રામ ચોખા અને ૨ રૂ. કિલોગ્રામ ઘઉંનો સમાવેશ થાય.

(૧૧) જ્યાં લોકો બરછટ ધાન્ય ઈચ્છે ત્યાં તેમને સબસિડી આપીને એ અનાજ પૂરું પાડવું જોઈએ.

(૧૨) ખાદ્ય તેલ અને કઠોળ પૂરું પાડવાની જોગવાઈ પણ તેમાં થવી જોઈએ.

(૧૩) રેશન કાર્ડના વિતરણ જેવી અન્ન સાથે સંબંધિત એવી તમામ બાબતો માટે મહિલાઓને પરિવારના વડા તરીકે માન્યતા આપવી જોઈએ.

(૧૪) અનુસૂચિત જનજાતિઓ, અનુસૂચિત જાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓને સામાજિક ભેદભાવને કારણે સહન ન કરવું પડે તે માટે આ કાયદામાં જોગવાઈ થવી જોઈએ.

(૧૫) અન્ન નીતિ અને પોષણ સાથે સંબંધિત યોજનાઓમાં ખાનગી કોન્ટ્રેક્ટરે અને કંપનીઓનાં હિતોની ઘૂસણખોરી ન થાય તે માટે આ કાયદામાં જોગવાઈ થવી જોઈએ. ખાસ કરીને અન્ન સુરક્ષા અને બાળકોના પોષણ સાથે સંબંધિત બાબતો અહીં મહત્ત્વની છે. સરકારે કોઈ પણ ખાનગી કંપની સાથે કોઈ પણ જાતનો કરાર ન કરવો જોઈએ કે જે અન્ન સલામતીના હિત સાથે ઘર્ષણ ઊભું કરતો હોય.

(૧૬) જેનેટિકલી મોડીફાઈડ ફૂડ (જીએમએફ) તથા જોખમી અને નકામા ઉમેરકો (એડિટિવ્ઝ)નો ઉપયોગ જાહેર પોષણ કાર્યક્રમોમાં ન થાય તે માટે આ કાયદામાં જોગવાઈ થવી જોઈએ.

(૧૭) અન્નનો અધિકાર પ્રસ્થાપિત કરતા તમામ કાર્યક્રમોમાં પારદર્શિતાની વ્યવસ્થાની જોગવાઈ થવી જોઈએ અને તેમાં સામાજિક અન્વેષણ (સોશ્યલ ઓડિટ) ફરજિયાત બનાવવું જોઈએ.

(૧૮) ફરિયાદોના નિવારણ માટે સમયબદ્ધ વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. જેમને અધિકારોનો ઈન્કાર કરવામાં આવ્યો હોય તેમને વળતર પ્રાપ્ત થાય તેવી જોગવાઈ પણ કરવી જોઈએ.

(૧૯) ફરિયાદોના નિવારણ માટે તથા અન્ન સાથે સંબંધિત તમામ યોજનાઓ ઉપર દેખરેખ રાખવા માટે ગ્રામ સભાને અસરકારક સત્તાઓ હોવી જોઈએ.

(૨૦) જાહેર વિતરણ વ્યવસ્થા ખરેખર જાહેર બને અને મહિલાઓનાં જૂથો દુકાનો ચલાવે તે માટે કાયદામાં જોગવાઈ કરવી જોઈએ. તેમને પૂરતા પ્રમાણમાં મૂડી અને કમિશન પ્રાપ્ત થાય તે માટે પણ જોગવાઈ કરવી જોઈએ.

(૨૧) અન્નના અધિકારને વિપરીત અસર કરે તે પ્રકારનો કોઈ પણ કાયદો પસાર ન થાય અને કોઈ પણ નીતિ ન ઘડાય તે માટે આ કાયદામાં જોગવાઈ થવી જોઈએ.

## ઉપસંહાર

અન્નનો અધિકાર એ પાયાનો અધિકાર છે. ભૂખમરાનું નિવારણ કરવા માટે વિશ્વ અન્ન પરિષદમાં ૨૦૧૫ સુધીમાં અપોષણથી પીડાતા લોકોની સંખ્યામાં ૫૦ ટકા જેટલો ઘટાડો કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો. આ રીતે આ પરિષદમાં ભાગ લેનારા તમામ દેશો અન્નનો અધિકાર પ્રસ્થાપિત કરવા માટે યોગ્ય કાર્યવાહી કરે તે અપેક્ષિત હતું. ભારત સરકાર દ્વારા અન્નનો અધિકારને કાનૂની અધિકાર તરીકે પ્રસ્થાપિત કરવા માટે જે આ કાનૂન કરવાનું વિચાર્યું છે તે તેની તમામ ક્ષતિઓ છતાંય ઈચ્છનીય બાબત છે. ૧૯૯૬ની વિશ્વ અન્ન પરિષદમાં એમ જણાવવામાં આવ્યું હતું કે "સલામત અને પોષક આહાર મેળવવાનો દરેક વ્યક્તિનો અધિકાર પર્યાપ્ત આહારના અધિકાર સાથે અને ભૂખમરાથી મુક્ત થવાના દરેક વ્યક્તિના મૂળભૂત અધિકાર સાથે સુસંગત છે." આ કાયદો આ અધિકારને વ્યવહારમાં ચરિતાર્થ કરવા માટે મહત્ત્વની ભૂમિકા ભજવશે એમ ચોક્કસ કહી શકાય.

સંદર્ભઃ righttofoodindia.org

# શહેરી ગરીબો માટે ગૃહનિર્માણ કાર્યક્રમ

ભારત સરકાર દ્વારા સંકલિત ગૃહનિર્માણ અને ઝૂંપડપટ્ટી વિકાસ કાર્યક્રમ હેઠળ ગુજરાતમાં ૧૦ નગરોમાં શહેરી ગરીબો માટે આવાસ બાંધવાનો જે કાર્યક્રમ અમલમાં આવ્યો તે અંગે કરવામાં આવેલા અભ્યાસનો સારાંશ આ લેખમાં આપવામાં આવ્યો છે. અંગ્રેજીમાં પ્રકાશિત આ અભ્યાસ 'ઉન્નતિ'નાં **સુશ્રી એલિસ મોરિસ** અને 'ઈનોવિઝન કન્સલ્ટિંગ'ના **શ્રી સી. પી. જીવન** દ્વારા કરવામાં આવ્યો હતો.

### પ્રસ્તાવના

શહેરી ગરીબો માટે સરકાર દ્વારા આવાસની જે યોજના ચલાવવામાં આવે છે તેનો લાભ તેમને કેટલા પ્રમાણમાં પ્રાપ્ત થયો છે તેને અંગે જે અભ્યાસ કરવામાં આવ્યો તેનાં પરિણામો આ પુસ્તકમાં દર્શાવવામાં આવ્યાં છે. સંકલિત આવાસ અને ઝૂંપડપટ્ટી વિકાસ કાર્યક્રમ (આઈએચએસડીપી) હેઠળ ગુજરાતનાં ૧૦ નાનાં અને મધ્યમ નગરોમાં આવાસ માટે જે કાર્યક્રમ થયો તેનો અભ્યાસ તાજેતરમાં કરવામાં આવ્યો હતો. ૧૦માંથી ૮ નગરોમાં આ કાર્યક્રમનો અમલ શરૂ થઈ ચૂક્યો હતો અને બીજાં ૨ નગરોમાં તેનું કામ શરૂ થવાનું હજુ બાકી હતું. જો તમામ ૧૦ નગરોને ધ્યાનમાં લેવામાં આવે તો આ કાર્યક્રમ હેઠળ જે ખર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાંથી માત્ર ૩૨ ટકા જેટલી રકમ નગરપાલિકાઓને પ્રાપ્ત થઈ હતી.

### આયોજન અને અમલ

આ કાર્યક્રમ અન્વયે કોઠા નં.૧માં દર્શાવ્યા મુજબ ૮,૦૯૯ આવાસનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે ઝૂંપડાંવાસી પરિવારોની સંખ્યા ૨૫,૪૪૯ છે. તેનો અર્થ એવો થાય કે લગભગ ત્રીજા ભાગ કરતાં પણ ઓછા પરિવારો માટે આ યોજના કામ કરશે. બીજી તરફ, આ કોઠો એમ પણ દર્શાવે છે કે આ નગરોમાં કુલ જેટલા પરિવારો ગરીબીની રેખા હેઠળ જીવે છે તેમાંથી ૫૦ ટકા પરિવારો ઝૂંપડાંવાસીઓ છે. તેમને પાયાની સવલત એવી આવાસની વિશેષ જરૂરિયાત છે એમ ચોક્કસ કહી શકાય.

અભ્યાસ દરમ્યાન એમ જાણવા મળ્યું છે કે ૧૦માંથી ૪ નગરોમાં સંકલિત ગૃહનિર્માણ અને ઝૂંપડપટ્ટી કાર્યક્રમ હેઠળ આવાસો બંધાઈ રહ્યા છે. ત્રણ નગરોમાં આવાસો બંધાવાનું કામ હજી હમણાં જ શરૂ થયું છે અને બે નગરોમાં આ અંગેનું કોઈ કામ શરૂ થયું નથી. માત્ર ઊંઝા નગરમાં જ આવાસો બાંધવાનું કામ પૂરું થવાની અણી ઉપર હતું. પાંચ નગરોમાં લાભાર્થીઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી. જ્યારે અન્ય નગરોમાં આવી અરજીઓ મંગાવવાનું પણ બાકી હતું. લાભાર્થીઓની પસંદગી કરવાનું કામ માત્ર ત્રણ નગરોમાં ચાલી રહ્યું હતું. જ્યારે બાકીનાં નગરોમાં આવી પસંદગી થઈ નહોતી.

માત્ર અમરેલી નગરમાં કોઈ પણ બીપીએલ પરિવારને લાભાર્થી ગણવામાં આવ્યો હતો. ૭ નગરોમાં ઝૂંપડાંવાસી પરિવાર અને અન્ય કોઈ પણ બીપીએલ પરિવારને આ માટે લાભાર્થી ગણવામાં આવ્યા હતા. જેતપુર નગરમાં કોઈ પણ શહેરી ગરીબને અને ખંભાત નગરમાં ઝૂંપડપટ્ટીમાં આધુનિકીકરણને લાયકાત ગણવામાં આવી હતી. આ રીતે જોઈએ તો, લાભાર્થીઓની લાયકાત વિશે પણ જુદાં જુદાં નગરોમાં જુદો જુદો માપદંડ અપનાવવામાં આવ્યો હોય તેમ જણાય છે.

### ખર્ચમાં તફાવત

અભ્યાસ એમ દર્શાવે છે કે આ દરેક નગરમાં જુદા જુદા ખર્ચે ઘર બાંધવાનું વિચારવામાં આવ્યું હતું. તેમાં ઓછામાં ઓછા રૂ. ૮૮,૦૦૦ અને વધુમાં વધુ ૧,૪૪,૦૦૦ રૂ.નું ખર્ચ નક્કી કરવામાં આવ્યું હતું. આવાસ માટેની આ યોજનામાં લાભાર્થીનો ફાળો પણ નક્કી કરવામાં આવે છે. જો કે, ચાર નગરપાલિકામાં આ ફાળો કેટલો તે નક્કી કરવાનું બાકી હતું. વળી ૪ નગરોમાં બેંકોમાંથી લાભાર્થીઓને લોન પ્રાપ્ત થાય તેવી સગવડ કરવામાં આવી નહોતી. માત્ર એક જ નગરમાં આ પ્રકારની સગવડ કરાઈ હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

કોઠા નં.૨ દર્શાવે છે કે દરેક આવાસનું ખર્ચ જુદા જુદા નગરમાં જુદું જુદું નક્કી કરવામાં આવ્યું છે. તેનો અર્થ એવો થાય છે કે ચોરસ મીટર દીઠ ખર્ચ જુદું જુદું આવે છે. આ રકમ રૂ. ૩,૫૨૦થી શરૂ કરીને રૂ. ૫,૭૬૦ જેટલી થાય છે. દરેક નગરમાં આ રીતે કેમ જુદું ખર્ચ દેખાય છે તે ન સમજી શકાય તેવી બાબત છે. જો કે, કેટલીક નગરપાલિકાઓએ બાંધકામ સામગ્રીનો ખર્ચ વધ્યો હોવાને કારણે વધારે રકમ દર્શાવી છે. દરેક ઘર માટે ઓછામાં ઓછા ૨૫ ચો.મી.નો બાંધકામ વિસ્તાર અંદાજવામાં આવ્યો છે.આ કાર્યક્રમ

**કોઠા નં.૧ઃ ૧૦ નગરોમાં ઝૂંપડાંવાસીઓ અને તેમની ગરીબી**

| ક્રમ | નગર | કુલ ઝૂંપડાંવાસી | કુલ વસ્તીમાં ઝૂંપડાંવાસીઓનું ટકાવારી પ્રમાણ | ગરીબીની રેખા નીચેના પરિવારોનું ટકાવારી પ્રમાણ | ઝૂંપડાવાસી પરિવારોની સંખ્યા | કાર્યક્રમ હેઠળ આવાસનું આયોજન |
|---|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૧૧,૪૩૭ | ૧૨ | ૬૬ | ૨,૦૭૯ | ૭૪૨ |
| ૨ | બોરીયાવી | ૭,૮૩૪ | ૪૪ | ૬૬ | ૧,૫૬૭ | ૬૧૧ |
| ૩ | ગોંડલ | ૨૦,૫૧૬ | ૨૧ | ૨૩ | ૩,૭૩૦ | ૧,૭૭૫ |
| ૪ | હાલોલ | ૧૦,૬૭૪ | ૨૪ | ૯૫ | ૨,૨૭૧ | ૪૪૬ |
| ૫ | હિંમતનગર | ૧૭,૮૭૦ | ૩૨ | ૫૦ | ૩,૫૭૪ | ૧,૨૯૬ |
| ૬ | જેતપુર | ૨૨,૯૪૯ | ૨૨ | ૨૬ | ૪,૨૫૦ | ૧,૧૩૦ |
| ૭ | ખંભાત | ૧૦,૨૧૪ | ૧૧ | ૬૪ | ૧,૮૯૧ | ૬૧૮ |
| ૮ | પ્રાંતિજ | ૭,૮૦૭ | ૩૫ | ૫૪ | ૧,૩૩૦ | ૪૬૧ |
| ૯ | ઊંઝા | ૧૨,૯૨૦ | ૨૪ | ૩૬ | ૨,૫૮૪ | ૬૨૪ |
| ૧૦ | ઉપલેટા | ૧૧,૦૬૫ | ૨૦ | ૭૭ | ૨,૧૭૦ | ૩૯૬ |
| **કુલ** | | **૧,૩૩,૨૮૬** | **૨૧** | **૫૦** | **૨૫,૪૪૬** | **૮,૦૯૯** |

અન્વયે ૧૦ નગરો માટે રૂ. ૯૮.૯૪ કરોડ ફાળવવામાં આવ્યા હતા. પરંતુ નગરપાલિકાઓને માત્ર ૩૧.૯૭ ટકા રકમ જુન-૨૦૦૯ સુધીમાં પ્રાપ્ત થઈ હતી. તે એમ દર્શાવે છે કે યોજનાનો અમલ ખૂબ જ ધીમી ગતિએ થઈ રહ્યો છે. ૨૦૦૫-૦૬માં આ યોજનાનો આરંભ થયો હતો તે જોતાં ક્યારે શહેરી ગરીબોને આવાસ પ્રાપ્ત થશે તે એક ચિંતાનો વિષય બને છે.

### સમુદાયનો દૃષ્ટિકોણ

‘ઉન્નતિ’ની અભ્યાસ ટુકડીએ ૧૦ નગરોના ૯૬ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાંથી ૫૫ વિસ્તારોની મુલાકાત લીધી હતી અને તેમાં ૧૧૨ જૂથ ચર્ચાઓ યોજી હતી. આ ચર્ચાઓમાં ૨,૧૭૦ સ્ત્રીઓ અને પુરુષો એકઠા થયા હતા. આ ચર્ચાઓમાંથી એમ જાણવા મળ્યું હતું કે ઝૂંપડાંવાસીઓમાં સ્થાનિક સત્તાવાળાઓ પ્રત્યે ભારે અવિશ્વાસ છે અને એ બંને વચ્ચે સંપર્કનો અભાવ છે.

કુલ ૨૫ ઝૂંપડપટ્ટી વિસ્તારોને આ કાર્યક્રમ હેઠળ નગરપાલિકાઓ દ્વારા સમાવવામાં આવ્યાં હતાં. ૧૭ ઝૂંપડપટ્ટી વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો નહોતો અને બાકીના ૧૩ વિસ્તારો વિશે હજુ કોઈ નિર્ણય લેવામાં આવ્યો નહોતો. જે ૧૦ નગરો પંસદ કરવામાં આવ્યા હતા તેમની કુલ વસ્તી ૬.૪૧ લાખ છે અને આ નગરોમાં સરેરાશ ૨૧ ટકા વસ્તી ઝૂંપડપટ્ટીમાં રહે છે. ઓછામાં ઓછી ૧૧ ટકા અને વધુમાં વધુ ૪૪ ટકા વસ્તી ઝૂંપડપટ્ટીમાં રહે છે. ગરીબીની રેખા નીચે જીવનારા કુલ લોકોમાંથી ૫૦ ટકા લોકો આ ઝૂંપડપટ્ટીઓમાં વસે છે. આ નગરોમાં કુલ ૨૫,૪૪૬ પરિવારો ઝૂંપડપટ્ટીમાં રહે છે. તેમાંથી ૮,૦૯૯ પરિવારો માટે આવાસ બાંધવાનું આ કાર્યક્રમ હેઠળ આયોજન કરવામાં આવ્યું હતું.

ઝૂંપડાંવાસીઓની સાથે જે જૂથ ચર્ચાઓ યોજવામાં આવી તે એમ દર્શાવે છે કે આ સમગ્ર કાર્યક્રમ વિશે તેમનામાં કોઈ જાણકારી છે જ નહિ. ભાગ્યે જ કોઈ સ્થાનિક અધિકારીઓ આ વિસ્તારોની મુલાકાત લે છે. જ્યારે પણ તેઓ મુલાકાત લે છે ત્યારે મોટે ભાગે તેઓ કોઈક સર્વે કરવા માટે જ મુલાકાત લે છે. ૫૫ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાંથી ૧૧ વિસ્તારોના જ પરિવારોએ એમ જણાવ્યું કે તેમણે આ યોજના હેઠળ લાભ પ્રાપ્ત કરવા માટે અરજી કરી છે.

જે પાંચ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં હયાત સ્થળોએ આધુનિકીકરણ કરવાનું નક્કી કરવામાં આવ્યું તેમાંથી બે વિસ્તારોમાં લોકોને આ યોજના વિશે કોઈ જાણકારી હતી નહિ. તેઓ આધુનિકીકરણના કોઈ પણ પાસા વિશે જાણકારી ધરાવતા નહોતા અને તેઓ તેને વિશે ચર્ચા કરવા માટે પણ સક્ષમ નહોતા. આ યોજનાથી તેમને

**કોઠા નં.૨: આવાસનું ખર્ચ, ફાળવાયેલું ભંડોળ અને પ્રાપ્ત રકમ**

| ક્રમ | નગર | આવાસનું ખર્ચ (રૂ.) | લાભાર્થીનો ફાળો (રૂ.) | ફાળવણી (રૂ. લાખ) | પ્રાપ્ત રકમ (ટકા) | પ્રાપ્ત રકમનો ઉપયોગ (ટકા) |
|---|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૮૮,૦૦૦ | ૧૬,૮૦૦ | ૬૫૩ | ૩૨.૯૩ | ૩૪.૮૮ |
| ૨ | બોરીયાવી | ૧,૨૬,૨૨૦ | ૫૪,૨૨૦ | ૮૩૩ | ૧૪.૮૬ | અપ્રાપ્ય |
| ૩ | ગોંડલ | ૧,૪૪,૦૦૦ | ૨૦,૦૦૦ | ૧,૦૨૯ | ૯૪.૦૫ | અપ્રાપ્ય |
| ૪ | હાલોલ | ૧,૩૯,૮૬૨ | ૧૨,૦૦૦ | ૬૩૦ | ૪૩.૪૯ | ૫૭.૩૦ |
| ૫ | હિંમતનગર | ૧,૦૨,૬૨૫ | ૨૦,૫૨૫ | ૧,૫૨૦ | ૧૭.૩૬ | અપ્રાપ્ય |
| ૬ | જેતપુર | ૧,૪૨,૦૦૦ | ૩૦,૦૦૦ | ૨,૩૮૪ | ૨૧.૦૬ | અપ્રાપ્ય |
| ૭ | ખંભાત | ૧,૩૭,૯૦૦ | ૧૬,૫૦૦ | ૮૪૪ | ૨૭.૮૫ | અપ્રાપ્ય |
| ૮ | પ્રાંતિજ | ૯૭,૪૦૦ | ૨૫,૪૦૦ | ૫૫૮ | ૧૭.૨૦ | ૬.૨૫ |
| ૯ | ઊંઝા | ૧,૧૩,૧૧૦ | ૪૧,૧૦૦ | ૯૪૦ | ૩૩.૧૯ | ૧૦૦ |
| ૧૦ | ઉપલેટા | ૧,૧૩,૦૦૦ | ૩૦,૦૦૦ | ૫૦૩ | ૩૪.૫૨ | અપ્રાપ્ય |
| **કુલ** | | | | **૯,૮૯૪** | **૩૧.૯૭** | |

કેવો લાભ થશે તેની પણ તેમને ખબર નહોતી. તેનું પરિણામ જ એ હતું કે બહુ ઓછા પરિવારોએ આ યોજનાનો લાભ લેવા માટે અરજીઓ કરી હતી. ચૂંટાયેલા પ્રતિનિધિઓ આ યોજનાના અમલ વિશે ગંભીર છે એવું પણ જણાતું નથી. નગરપાલિકાઓના અધિકારીઓએ તેમની સાથે વાતચીત કરી છે અને કેટલાકે પોતાના વિસ્તારના મતદારો સાથે એ અંગે ચર્ચા કરી છે.

નગરપાલિકાઓએ પણ ઝૂંપડાંવાસીઓને આ યોજના વિશે માહિતી આપવા માટે બહુ ગંભીરતાપૂર્વક પ્રયાસો કર્યા હોય એવું જણાતું નહોતું. પાંચ નગરોમાં નગરપાલિકાઓએ આ યોજના વિશે સ્થાનિક અખબારોમાં જાહેરખબરો આપી હતી. માત્ર ઊંઝા નગરમાં તેણે ચોપાનિયાં વહેંચ્યાં હતાં. બીજી તરફ, ચાર નગરપાલિકાઓએ આ અંગે કોઈ પ્રયાસ કર્યો નહોતો.

આનો અર્થ એવો થાય છે કે, સંભવિત લાભાર્થીઓને આ અંગે માત્ર માહિતી આપવા વિશે જ ચિંતા કરવામાં આવી હતી, પરંતુ નવી વસાહત, ખર્ચ વગેરે જેવાં પાસાં અંગે સહભાગી અભિગમ અપનાવવામાં આવ્યો નહોતો. તેનો અર્થ એ છે કે, ઝૂંપડાંવાસીઓ સાથે ખરેખર કોઈ ગંભીર ચર્ચા-વિચારણા નગરપાલિકાઓ દ્વારા હાથ ધરવામાં આવી નહોતી. આમ, આ યોજનાના અમલની પ્રક્રિયા મૂળભૂત રીતે એક પ્રકારની અમલદારશાહી પ્રક્રિયા બની ગઈ છે.

## ઉપસંહાર

સંકલિત ગૃહનિર્માણ અને ઝૂંપડપટ્ટી વિકાસ કાર્યક્રમ હેઠળ શહેરી ગરીબોને સારી ગુણવત્તા ધરાવતા આવાસ પ્રાપ્ત થાય એવી પૂરી શક્યતાઓ છે. ઉપરાંત, આવા આવાસ તેમને ઓછા ખર્ચે પ્રાપ્ત થાય તે પણ શક્ય છે. પરંતુ જે રીતે કાર્યક્રમનો અમલ થઈ રહ્યો છે તે એમ દર્શાવે છે આ કાર્યક્રમ ગરીબોને યોગ્ય રીતે લાભ આપી રહ્યો નથી. કાર્યક્રમની જે ડિઝાઈન નક્કી કરવામાં આવી છે તે શહેરી ગરીબોની જરૂરિયાતને માટે તદ્દન અપૂરતી છે. આ બધી સમસ્યાઓને ધ્યાનમાં લઈએ તો મહત્ત્વનો પ્રશ્ન એ છે કે શહેરી ગરીબોને પોસાય તેવા ભાવોએ આવાસ પૂરા પાડવાની યોજના માટે મર્યાદિત ભંડોળ અપાય છે.

જે લોકોને તેમના વિસ્તારમાંથી હટાવવામાં આવ્યા છે તેમણે તો તેમને માટે નવું જ ઘર બાંધવાનું છે. તેમણે તો તે માટે ઘણી વધારે કિંમત ચૂકવવી પડશે. આવા લોકોનો સમાવેશ આ યોજનામાં કરવામાં આવતો નથી એમ પણ જણાય છે. તેનું પરિણામ એ આવે છે કે જે લાયકાત ધરાવનાર વ્યક્તિ છે તેને ખૂબ જ ઓછું વળતર આપવામાં આવે છે. આનો અર્થ એવો થાય છે કે ઝૂંપડપટ્ટી વિસ્તારમાં જેટલા પરિવારો વસે છે તે બધા પરિવારોને આ યોજનાનો લાભ પ્રાપ્ત થતો નથી. કદાચ બધા શહેરી ગરીબોને આ લાભ ન આપવા માટે જ ગુજરાતમાં આ યોજના બનાવવામાં આવી હોય એવી તેની તાસીર ઊભી થાય છે.

# સાંપ્રત પ્રવાહ

### મહિલા અને બાળ વિકાસ કાર્યક્રમોની સમીક્ષા

કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા તા.૨૮.૧૦.૨૦૦૯ના રોજ મહિલા અને બાળ વિકાસ માટે ચાલતા કાર્યક્રમો અને તેમના કલ્યાણ સાથે સંબંધિત એવી નીતિઓની સમીક્ષા કરવા માટે એક બેઠક બોલાવવામાં આવી હતી. તેમાં નેશનલ મિશન ઓન એમ્પાવરમેન્ટ ઓફ વિમેનની સ્થાપના વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, તેમાં સંકલિત બાળ સુરક્ષા યોજના અને કિશોરીઓના સશક્તિકરણ માટેની યોજનાઓ તથા શરતી માતૃત્વ લાભની યોજનાઓ વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી.

કેન્દ્ર સરકારનું મંત્રાલય જે રાષ્ટ્રીય મિશનની રચના કરવા માગે છે તેનો ઈરાદો એ છે કે મહિલાઓના વિકાસ સાથે સંબંધિત એવી પ્રવૃત્તિઓ અને નીતિઓ લાભાર્થી મહિલાઓ સુધી અસરકારક રીતે પહોંચે તેમાં રાજ્ય સ્તરે અને જિલ્લા સ્તરે આવાં જ મિશનની સ્થાપના થાય અને ગામ સ્તરે સશક્તિકરણ જૂથોની રચના થાય તેવી જોગવાઈ પણ કરવામાં આવી છે. આ મિશન વિશે રાજ્ય સરકારોનાં મંતવ્યો અંગે પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય કિશોરીઓના સશક્તિકરણ માટે સબલા નામે એક યોજના તૈયાર કરી રહી છે. આંગણવાડી કેન્દ્રો દ્વારા આ યોજનાનો અમલ કરવામાં આવશે. આ યોજનાનો મુખ્ય હેતુ કિશોરીઓના પોષણ અને આરોગ્યની સ્થિતિ સુધારવાનો અને તેમનું કૌશલ્ય વધારવાનો છે. કેન્દ્ર પુરસ્કૃત એવી આ યોજના માટે રાજ્ય સરકારોને ૧૦૦ ટકા કેન્દ્રીય સહાય પૂરી પાડવામાં આવશે. પરંતુ તેમાં પોષણ માટે કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોને વાસ્તવિક ખર્ચના ૫૦ ટકા જેટલી સહાય પૂરી પાડશે. આ યોજનાના અમલ વિશે પણ રાજ્ય સરકારોના પ્રતિનિધિઓએ આ બેઠકમાં વિગતે ચર્ચા કરી હતી. કેન્દ્ર સરકારે ૧૧મી પંચવર્ષીય યોજનાના બાકી રહેલા સમયગાળા માટે શરતી માતૃત્ત્વ લાભ યોજનાના અમલ માટે રૂ. ૪૫૦૦ કરોડની ફાળવણી કરી છે. આ યોજના હેઠળ સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ અને શિશુઓનું આરોગ્ય અને પોષણની સ્થિતિ સુધારવા માટેનો પ્રયત્ન કરવામાં આવશે. આરંભમાં ૬૨ જિલ્લાઓમાં તેનો અમલ થશે.

# આગામી કાર્યક્રમ

### ૮ માર્ચ, ૨૦૧૦: વિશ્વ મહિલા દિન ઉજવણી

૮મી માર્ચનો દિવસ આખી દુનિયામાં આંતરરાષ્ટ્રીય મહિલા દિન તરીકે ઉજવાય છે. આ દિવસે આખી દુનિયામાં મહિલાઓના અસ્તિત્વ અને ગૌરવની ઉજવણી થાય છે. આગામી ૮ માર્ચે ૨૦૧૦નો મહિલા દિન ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓ, નેટવર્ક, સી.બી.ઓ. અને ગ્રામીણ તથા શહેરી બહેનો સાથે મળી ઉજવવાનું વિચારી રહી છે. મહિલાઓને શાસન વ્યવસ્થા અને સત્તામાં ભાગીદારી, જમીનની માલિકી અને મિલકતનો અધિકાર, પાણી, આરોગ્ય, શિક્ષણ તથા અન્ય પ્રાથમિક સુવિધાઓની સમસ્યા, હિંસા, અત્યાચાર, લિંગભેદ, કન્યા ભ્રૂણ હત્યા જેવી અસમાનતાને લઈ થતા ભેદભાવનો ભોગ બનવું પડે છે. આ તમામ મુદ્દાઓની રજૂઆત એક મોટા સામુદાયિક સ્તર પર થાય એ જરૂરી છે. મહિલાઓને સ્પર્શતા તમામ મુદ્દાઓને ઓળખી એની રજૂઆત કરવા માટે સૌએ એક મંચ પર એક્ઠા થવું જરૂરી છે. તેમાં ગુજરાતમાં મહિલાઓના મુદ્દે કાર્યરત સંસ્થા, સંગઠનો અને નેટવર્કો ૮ માર્ચ, ૨૦૧૦ને ધ્યાનમાં રાખી, તેમના સ્થાનિક તેમ જ જિલ્લા સ્તરે હાથ ધરાનાર ઝુંબેશોમાંથી નીકળી આવેલા મુદ્દાઓના આધારે માંગો તૈયાર કરશે. આ સમગ્ર પ્રક્રિયા માટેના સંકલન અને સંપર્ક સ્થળ માટે મહિલા સ્વરાજ અભિયાન, અમદાવાદને મહિલા દિન ૨૦૧૦ની ઉજવણી માટેના સચિવાલય તરીકે નક્કી કરવામાં આવેલું છે.

મહિલા દિન-૨૦૧૦ની ઉજવણીના આયોજન તથા મુદ્દાઓને ઓળખી એની રજૂઆત માટેની વ્યૂહરચના બનાવવા બધા સાથે મળી આયોજન કરી રહ્યા છે. આ આયોજન સૌના સાથ-સહકારથી જ અસરકારક બની શકશે. આપ આપના કોઈ પણ પ્રકારના સહયોગ માટે કે આપે રજૂઆત માટે નક્કી કરેલ મુદ્દાઓ મહિલા સ્વરાજ અભિયાનના સરનામે મોકલી આપશો.

સંપર્કઃ મહિલા સ્વરાજ અભિયાન, ૨૨, હીના પાર્ક સોસાયટી, શ્યામલ રો-હાઉસ વિભાગ-૫ પાસે, શ્યામલ ચાર રસ્તા, કેનયુગ ક્રોસ રોડ, સેટેલાઈટ, અમદાવાદ-૧૫. ફોનઃ ૦૭૯-૨૬૬૧૦૪૪૭. ઈમેલઃ mahilaswarajabhiyan@gmail.com

## લોક આવાસ યાત્રા

આવાસ નિર્માણ પદ્ધતિ અને તેને આનુષંગિક પાસાંઓ અંગે આમ નાગરિકની જાણકારી જાગૃતિ વધે તેમ જ પરસ્પર સંવાદ સધાય તે હેતુથી આગામી તા. ૮થી ૧૨ જાન્યુઆરી, ૨૦૧૦ દરમ્યાન ગુજરાત અને રાજસ્થાનના અગાઉથી પસંદ થયેલા વિસ્તારોમાં 'લોક આવાસ યાત્રા'નું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આવાસ યાત્રાનું આયોજન બેઝિન (સાઉથ એશિયા રિજિયોનલ નોલેજ પ્લેટફોર્મ) નેટવર્કના ઉપક્રમે કરવામાં આવ્યું છે. આ નેટવર્કમાં દેશની ૧૪ જેટલી સંસ્થાઓ જોડાયેલી છે. ૨૦૧૦માં રાષ્ટ્રીય કક્ષાએ યોજાનાર કાર્યક્રમના ભાગરૂપે આ યાત્રા યોજવામાં આવનાર છે. દેશમાં આ પ્રકારની કુલ પાંચ લોક આવાસ યાત્રા યોજાશે. પ્રથમ યાત્રા દરમ્યાન મધ્ય ભારતના મરાઠાવાડ, વિદર્ભ અને બુંદેલખંડ વિસ્તારોને આવરી લેવામાં આવેલા. બેઝિન દ્વારા પ્રકાશિત ન્યુઝલેટર, ૨૦૦૯, નં-૧૫, વેબસાઈટઃ www.basinsa.net માં આ અંગે વિસ્તૃત માહિતી ઉપલબ્ધ છે. આવાસ નિર્માણ અને સમુચિત ટેક્નોલોજી વિકાસ ક્ષેત્રે કામ કરતી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના સહકારથી આ યાત્રાનું આયોજન શક્ય બન્યું છે.

આ યાત્રા ત્રણ ભાગમાં ભ્રમણ કરશે. ગુજરાતમાં સૌરાષ્ટ્ર, કચ્છ તથા પશ્ચિમ રાજસ્થાન. આ યાત્રામાં ૧૨૫થી ૧૫૦ જેટલી વ્યક્તિઓ ભાગ લેશે. તેમાં મુખ્યત્વે ગ્રામ કારીગરો, આવાસ નિર્માણ વિકાસના મુદ્દે સંકળાયેલા સરકારી વિભાગના પ્રતિનિધિઓ (દા.ત. ડી.આર.ડી.એ.-પંચાયત), સરપંચ-પંચાયત પ્રતિનિધિઓ, સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરો, બચત જૂથના આગેવાનો, સામાજિક કાર્યકર્તા, સ્થાપત્ય અને ઈજનેરી શાખાના વિદ્યાર્થીઓ જોડાશે. આ યાત્રા દરમ્યાન તેઓ જે તે પ્રદેશની આવાસ નિર્માણ પ્રક્રિયા પદ્ધતિ અને પરિણામનું અવલોકન-વિશ્લેષણ કરશે. લોકો સાથે સંવાદ કરશે જેમાં નીચે મુજબની બાબતો આવરી લેવાશેઃ

(૧) આવાસ નિર્માણમાં વપરાતી વિવિધ બાંધકામ સામગ્રીની ગ્લોબલ-વોર્મિંગના સંદર્ભમાં ઓછું કાર્બન ઉત્પાદન અને પર્યાવરણ સુરક્ષામાં પ્રત્યક્ષ-પરોક્ષ સહાયની સમીક્ષા.

(૨) આવાસ નિર્માણ અને એકંદર પરિવેશ આનુષંગિક સગવડો - વ્યક્તિગત અને સામૂહિક કક્ષાએ તથા તેમાં એપ્રોપ્રીયેટ ટેક્નોલોજીનો ઉપયોગ.

(૩) આવાસ નિર્માણમાં વપરાતી બાંધકામ સામગ્રીનું સ્થાનિક કક્ષાએ ઉત્પાદન અને સ્થાનિક કક્ષાએ રોજગારી નિર્માણ.

(૪) સફાઈ-સ્વચ્છતા-શુદ્ધ પાણી-શૌચાલય નિર્માણ અને આવાસ વિકાસની પ્રવૃત્તિઓનું જોડાણ આ ક્ષેત્રે થયેલા નવા અને પર્યાવરણ સુરક્ષા વધારનારા પ્રયોગો સાથે થાય.

(૫) 'સોશ્યલ હાઉસીંગ'ના ક્ષેત્રમાં ગ્રામ કક્ષાએ નબળા વર્ગ માટેના આવાસો દા.ત., ઈન્દિરા આવાસ યોજના અને સરદાર આવાસ યોજના વગેરેમાં ઉપરોક્ત બાબતોનો સમાવેશ કેટલે અંશે થાય છે. આ પ્રકારના આવાસ નિર્માણમાં થઈ રહેલી શીખવાલાયક નમૂનારૂપ કામગીરી.

(૬) સ્થાનિક કક્ષાએ લોકોની જાણકારી જાગૃતિ વધે તે દિશામાં થઈ રહેલા પ્રયત્નો (કારીગર સંગઠનો, બાંધકામ અંગે તાલીમ). આ ઉપરાંત ગામ લોકો સાથે અને ઘર માલિકો સાથે પ્રત્યક્ષ સંવાદ પણ થશે અને એ દ્વારા જાણકારીની આપ-લે કરવાનો પ્રયત્ન કરવામાં આવશે.

યાત્રીઓ દ્વારા મુલાકાત કરવામાં આવેલ આવાસ નિર્માણ સાઈટોનું દસ્તાવેજીકરણ કરવામાં આવશે. ત્રણેય દિવસની પ્રત્યક્ષ મુલાકાતને અંતે તા.૧૨ જાન્યુઆરીના રોજ અમદાવાદ ખાતે સેપ્ટ યુનિવર્સિટીના પ્રાંગણમાં ત્રણેય આવાસ યાત્રાઓનું સમાપન થશે. અને સમગ્ર યાત્રા દરમ્યાન વ્યક્તિગત અને એક જૂથ તરીકે પોતે કરેલાં અવલોકન અનુભવ પોતાનાં કાર્ય પ્રદેશ માટે કેટલે અંશે ઉપયોગી થશે. તે અંગે પોતાના અભિપ્રાય રજૂ કરશે. યાત્રીઓ દ્વારા બહાર આવેલા અવલોકનો પ્રદર્શન સ્વરૂપે સૌ સમક્ષ રજૂ થશે. આવાસ નિર્માણ ક્ષેત્રે કામ કરતા અગ્રણીઓ, સરકારી અધિકારીઓ, સંશોધકો, વિદ્વાનો મીડિયાનાં પ્રતિનિધિઓ અને વિદ્યાર્થીઓ પણ જોડાશે અને યાત્રીઓ સાથે ઘનિષ્ઠ વિચાર વિમર્શ કરશે.

સંપર્કઃ 'ઉન્નતિ', જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ. ફોનઃ ૦૭૯-૨૬૭૪૬૧૪૫. ઈમેલઃ co_unnati@unnati.org અને 'ડેવલપમેન્ટ ઓલ્ટરનેટિવ્ઝ', બી-૩૨, તારા ક્રેસન્ટ, કુતુબ ઈન્સ્ટિટ્યુશનલ એરિયા, નવી દિલ્લી-૧૧૦૦૧૬. ઈમેલઃ basin@devalt.org

## આદિવાસી સાંસ્કૃતિક ઉત્સવ

લિગલ એઈડ એન્ડ હ્યુમન રાઈટ્સ સેન્ટર (એલએએચઆરસી) દ્વારા તા. ૧૬/૧૭-૧-૨૦૧૦ દરમ્યાન આદિવાસી લોકોના ઉત્સવની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. સૌ પરસ્પરની પ્રતિભાનું સન્માન કરે, પરસ્પરને પ્રોત્સાહન આપે અને સૌ સાથે મળીને ગાય અને નાચે તે માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તેનો ઈરાદો એ છે કે આદિવાસીઓની ઓળખ, સંસ્કૃતિ અને એકતાનું મૂલ્ય આંકવામાં આવે અને તેનો પ્રચાર-પ્રસાર થાય. રોદાલી પાર્ટીનું આયોજન પણ કરવામાં આવ્યું છે કે જેમાં આદિવાસી સોનારેકર સોંગડિયા પાર્ટી પોતાનો કાર્યક્રમ રજૂ કરશે. કેટલાક અગ્રણીઓ આ પ્રસંગે પ્રેરક ઉદ્‌બોધન પણ કરશે. સંપર્કઃ શક્તિ-એલએએચઆરસી, વાંકવેલ, તા. સોનગઠ, જિ. તાપી. ફોનઃ ૦૨૬૨૪-૨૨૧૦૭૪, ૨૨૧૦૭૬.

# સંદર્ભ સાહિત્ય

## ખારી ધરતી મીઠા પ્રયાસો

ગુજરાતમાં મીઠું પકવતા અગરિયાઓની વ્યથા-કથા આ પુસ્તકમાં રજૂ કરવામાં આવી છે. ૨૦૦૫-૦૬માં અગરિયા હિતરક્ષક મંચ દ્વારા મીઠું પકવતા અગરિયાનું જીવન, તેમની વ્યથા અને મુશ્કેલીઓનો ચિતાર રજૂ કરતી એક પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી હતી. તે પછી ફરી એક વાર આ પુસ્તિકા રજૂ કરવામાં આવી રહી છે.




ગુજરાતના એક લાખ અગરિયા અને તેમનાં કુટુંબોના કલ્યાણ માટે મીઠાના અગરના વિસ્તારમાં કલ્યાણલક્ષી પ્રવૃત્તિઓના આયોજન માટે તથા તેમના અમલ માટે ગુજરાત સરકારે જુલાઈ-૨૦૦૦માં ઉદ્યોગ પ્રધાનના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવી હતી. આ ઉપરાંત, ડિસેમ્બર-૨૦૦૪માં અગરિયાઓ માટે કલ્યાણલક્ષી પ્રવૃત્તિઓની સમીક્ષા કરવા એક ઉપસમિતિની રચના પણ કરવામાં આવી હતી.

આ સમિતિઓએ જે કંઈ પ્રયાસો કર્યા અને તેમણે બિન-સરકારી સંગઠનો દ્વારા કરવામાં આવેલા પ્રયાસોને જે કંઈ ટેકો આપ્યો અને તેનું જે પરિણામ આવ્યું તેને વિશેની કેટલીક બાબતો આ પુસ્તકમાં રજૂ કરવામાં આવી છે. અગરિયા હિતરક્ષક મંચના આદર્શો અને ધ્યેયો અનુસાર જે કાર્યો થયાં તેમની છણાવટ આ પુસ્તકમાં કરાઈ છે. અગરિયાઓનાં બાળકોના પ્રાથમિક શિક્ષણ માટે કામના સ્થળે શાળાઓ અને છાત્રાલયોની વ્યવસ્થા કરવામાં આવી. એ જ રીતે, તેમના આરોગ્યમાં સુધારો કરવા માટે પણ નોંધપાત્ર પ્રયાસો કરવામાં આવ્યા. ફરતું દવાખાનું, લિંક વર્કર વગેરે દ્વારા ખાસ કરીને અગરિયા બહેનોની આરોગ્યની પરિસ્થિતિ સુધારવા માટે પ્રયત્નો કરાયા. પીવાનું પાણી મળે તે માટે પાઈપલાઈન દ્વારા પાણી પૂરું પાડવા માટે અને ટેંકરો દ્વારા પાણી પૂરું પાડવા માટે પણ મંચ દ્વારા પ્રયાસો કરવામાં આવ્યા. એ જ રીતે મીઠાના અગરો વચ્ચે આવાસની વ્યવસ્થા પ્રાપ્ત થાય તે માટે પ્રયત્નો કરવામાં આવ્યા છે. કુલ ૩,૦૫૮ આવાસોના બાંધકામની કામગીરી ચાલુ છે. તેમાંથી ૨,૮૨૦ મકાનોનું બાંધકામ પૂરું થઈ ગયું છે અને ૨૩૮ મકાનોનું બાંધકામ આખરી તબક્કામાં છે.

આ ઉપરાંત, અનાજનો પુરવઠો પ્રાપ્ત થાય તે માટે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમની ફરતી દુકાન ઉપલબ્ધ થાય, અગરિયાઓને ઓળખ કાર્ડ અપાય, અગર સુધીના રસ્તાઓ બનાવાય, અગરિયાઓને રક્ષણાત્મક કિટ આપવામાં આવે, તેમને સાયકલ આપવામાં આવે વગેરે જેવા પ્રકારની કામગીરી અગરિયા હિતરક્ષક મંચ દ્વારા કરવામાં આવી છે. આ કામગીરીનું બયાન આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે. ૨૦૦૦-૦૧થી ૨૦૦૮-૦૯ના ગાળા દરમ્યાન રસ્તાઓ, પાણી પુરવઠો, આરોગ્ય, શિક્ષણ, રક્ષણાત્મક કિટ, આવાસ યોજના, સાયકલો અને અન્ય બાબતો માટે કેટલું ખર્ચ કરવામાં આવ્યું તેને વિશેની વિગતો આપતો કોઠો પણ અંતે આપવામાં આવ્યો છે. રાજ્ય કક્ષાની કઈ કચેરીઓ અગરિયાઓ માટે ઉપયોગી છે તેની યાદી પણ આપવામાં આવી છે. અગરિયાઓના કલ્યાણ માટે કામ કરતાં વ્યક્તિઓ અને સંસ્થાઓ માટે આ પુસ્તિકા ખૂબ જ ઉપયોગી છે.


લેખકઃ રિંકલ બગડિયા અને હરીણેશ પંડ્યા. પ્રકાશકઃ અગરિયા હિતરક્ષક મંચ, બી-૩, સહજાનંદ ટાવર્સ, જીવરાજ પાર્ક ચાર રસ્તા, અમદાવાદ ૩૮૦ ૦૫૧. ફોનઃ ૦૭૯-૨૬૮૨૧૫૫૩.

## જેન્ડર અવેરનેસ એન્ડ સેન્સિટિવિટી એપ્લિકેશન્સ

૧૯૯૦માં ‘ઉન્નતિ’નો આરંભ થયો ત્યારથી તે સ્ત્રી-પુરુષ સમાનતા લાવવા માટે અને મહિલાઓની સક્ષમતા વધારવા માટે કામ કરે છે. આ સમયગાળા દરમ્યાન નીચેની બાબતોમાં અનેક પ્રયાસો કરવામાં આવ્યા છેઃ

(૧) સંગઠનોની અંદર મહિલાઓ પ્રત્યે ન્યાયી અને સમતાપૂર્ણ વાતાવરણ ઊભું કરવાને પ્રોત્સાહન આપવું.
(૨) કાર્યક્રમોના આયોજન અને દેખરેખમાં મહિલાઓ પ્રત્યેના ભેદભાવના પ્રશ્નોને આમેજ કરવા.
(૩) મહિલાઓ પ્રત્યે સંવેદનશીલ એવી નીતિઓના વિકાસને ટેકો પૂરો પાડવો.

સંસ્થાના પોતાના અનુભવ અને સ્ત્રી-પુરુષ ભેદભાવ વિશેની જે




સમજ ઊભી થઈ તેને આધારે તાલીમ માટે એક સંપુટ તૈયાર કરવાનું વિચારવામાં આવ્યું. તેના પ્રથમ ભાગ તરીકે આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. વિકાસના ક્ષેત્રે કામ કરનારા પ્રશિક્ષકોમાં આ મુદ્દે જાગૃતિ અને સંવેદનશીલતા ઊભાં થાય તે માટે આ પુસ્તકમાં પ્રયાસ કરવામાં આવ્યો છે.

તેઓ તેમના વ્યક્તિગત અને વ્યવસાયી જીવનમાં મહિલાઓ પ્રત્યેના ભેદભાવ અંગેની સમજ ઊભી થઈ હોય તેને વ્યવહારમાં કેવી રીતે અમલમાં મૂકવી તેનું માર્ગદર્શન આ પુસ્તક આપે છે. સહભાગી સંગઠનો સાથે વિચાર-વિમર્શ કરીને આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, સ્થાનિક સ્તરે, રાષ્ટ્રીય સ્તરે અને આંતરરાષ્ટ્રીય સ્તરે મહિલાઓની સક્ષમતા વિશે જે તાલીમો યોજવામાં આવી તેના અનુભવોને આધારે પણ આ પુસ્તક તૈયાર કરાયું છે.

આ પુસ્તકમાં ૧૧ વિષયો મુજબ જુદી જુદી બેઠકોમાં કઈ પ્રવૃત્તિઓ હાથ ધરવી તે વિગતવાર જણાવવામાં આવ્યું છે. મહિલાઓ પ્રત્યેના વ્યક્તિગત પૂર્વગ્રહો, માન્યતાઓ અને વલણો વિશે ચિંતન-મનન થાય અને જાગૃતિ ઊભી થાય તે માટે આ સામગ્રીનો ઉપયોગ કરી શકાય છે. ખાસ કરીને જે તાલીમકારો તાલીમ દરમ્યાન સહભાગી પદ્ધતિઓનો ઉપયોગ કરવા માટે ટેવાયેલા છે અને જેઓ મૂળભૂત રીતે સ્ત્રી-પુરુષ ભેદભાવ અંગેની સમજ ધરાવે છે તેમને માટે આ પુસ્તક એક માર્ગદર્શકની ગરજ સારે છે. જે મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે તે નીચે મુજબ છેઃ

(૧) **કાર્યશાળાનો આરંભઃ** આ બેઠકમાં કાર્યશાળાના આરંભે કઈ કઈ બાબતોનો સમાવેશ કરવો તે જણાવવામાં આવ્યું છે. તેમાં કુલ છ બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(૨) **સ્ત્રી-પુરુષ ભેદભાવ વિશેની સમજઃ** આ વિભાગમાં સ્ત્રી-પુરુષ ભેદભાવ એટલે શું અને સાંસ્કૃતિક પરંપરાઓ કેવી રીતે મહિલાઓની ભૂમિકા નિશ્ચિત કરી આપે છે તેને વિશે પાંચ મુદ્દાઓમાં વિગતો આપવામાં આવી છે. અંતે સ્ત્રી-પુરુષ ભેદભાવ એટલે શું તેને વિશે સુશ્રી કમલા ભસીનનું લખાણ પણ આપવામાં આવ્યું છે.

(૩) **મહિલાઓની તાબેદારી વિશેની સમજઃ** આ ભાગમાં સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેના સત્તાલક્ષી સંબંધોની સમજ ઊભી થાય તે માટે પ્રયાસ કરવામાં આવ્યો છે.

(૪) **સ્ત્રી-પુરુષ ભેદભાવ અને સમાજીકરણઃ** આ વિભાગમાં સમાજીકરણની પ્રક્રિયા વિશેની સમજ ઊભી કરવાનો પ્રયાસ કરાયો છે અને તેમાં છેવટે હિંદી અને ગુજરાતી કહેવતો સાથે તે કેવી રીતે ભેદભાવજનક વલણો દર્શાવે છે તેની સમજ પણ આપવામાં આવી છે.

(૫) **પિતૃસત્તાક વ્યવસ્થાની સંસ્થાઓઃ** આ વિભાગમાં પિતૃસત્તાક વ્યવસ્થા વિશેની સમજ ઊભી કરવામાં આવી છે. તેમાં માતૃસત્તાક અને પિતૃસત્તાક વ્યવસ્થાઓ વચ્ચેનો તફાવત સમજાવવામાં આવ્યો છે અને સુશ્રી કમલા ભસીન તથા વિમેન સ્ટડીઝ એન્ડ રિસોર્સ સેન્ટરનાં લખાણોનો સમાવેશ પણ સંદર્ભ સાહિત્ય તરીકે કરવામાં આવ્યો છે.

(૬) **મહિલાઓ પ્રત્યેના ભેદભાવ અંગે જાગૃતિઃ** આ વિભાગમાં ત્રણ પેટા વિભાગો છે કે જેમાં વલણો, માન્યતાઓ અને ધારણાઓ વિશે વિગતે ચર્ચા કરવામાં આવી છે.

(૭) **મહિલાઓ પ્રત્યેની હિંસાઃ** મહિલાઓ પ્રત્યેની હિંસા વિશે તેમાં સમજ ઊભી કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે અને ઓક્સફામના એક તાલીમ મેન્યુઅલમાંથી એક મહિલાની કહાણી સંદર્ભ સાહિત્ય તરીકે આપવામાં આવી છે. આ ઉપરાંત, ભારતમાં મહિલાઓ અને છોકરીઓ સામે હિંસાની વિગતો અને તેનાં પ્રકારો, સ્વરૂપો અને પરિણામો વિશે પણ ચર્ચા કરવામાં આવી છે.

(૮) **એકાકી નારીઓઃ** આ વિભાગમાં એકાકી નારીઓની અસહાયતા વિશે સમજણ ઊભી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. એકાકી નારીઓની વ્યાખ્યા તેમનો દરજ્જો અને તેમની સ્થિતિ સુધારવા માટેના પ્રયાસોની ઝલક આ વિભાગમાં આપવામાં આવી છે અને વિવિધ સંદર્ભો તાલીમકારના ઉપયોગ માટે આપવામાં આવ્યા છે.

(૯) **સ્ત્રી-પુરુષ ભેદભાવ અને વિકલાંગતાઃ** આ વિભાગમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ જે અવરોધોનો સામનો કરે છે તેને વિશે વાત કરવામાં આવી છે અને વિકલાંગતા તથા મહિલાઓ પ્રત્યેના ભેદભાવ વચ્ચે શું સંબંધ છે તેની છણાવટ પણ કરવામાં આવી છે. તેમાં સમુદાય-આધારિત સંગઠનોની ભૂમિકા શું હોઈ શકે તેની પણ વિશેષ ચર્ચા કરતું લખાણ જોડવામાં આવ્યું છે.

(૧૦) **મહિલાઓના આંદોલનનો ઇતિહાસઃ** વિકાસના ક્ષેત્રે મહિલાઓની ભૂમિકા વિશેની સામાન્ય સમજ ઊભી કરવાનો ઈરાદો આ વિભાગમાં રાખવામાં આવ્યો છે. તેથી ભારતમાં ૧૮૨૦થી અત્યાર સુધી જે મહિલા ચળવળ ચાલી તેની ભૂમિકા આપતું લખાણ પણ વિવિધ સંદર્ભો સાથે તૈયાર

કરવામાં આવ્યું છે.

**(૧૧) મૂલ્યાંકનઃ** આ વિભાગમાં કાર્યશાળાના અંતે મૂલ્યાંકન કેવી રીતે કરવું અને કાર્યલક્ષી યોજના કેવી રીતે તૈયાર કરવી તેને વિશેની ચર્ચા કરવામાં આવી છે.

તમામ બેઠકોમાં કેટલો સમય ફાળવવો અને કઈ સહભાગી પદ્ધતિ અપનાવવી તે પણ જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત, વિવિધ ચિત્રો દ્વારા સમગ્ર પુસ્તકને વધારે લોકભોગ્ય બનાવવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો છે. આ પુસ્તક મહિલાઓ પ્રત્યેના ભેદભાવ વિશે જાગૃતિ ઊભી કરવાની તાલીમ આપનારાઓ માટે ખૂબ જ ઉપયોગી છે. આ તાલીમની શા માટે જરૂર છે અને તેમાં કયા પડકારો છે અને તાલીમ શા માટે અને કોના માટે તેવા પ્રશ્નોના જવાબ આસાનીથી પ્રાપ્ત થાય તે રીતે આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.

પ્રાપ્તિસ્થાનઃ 'ઉન્નતિ', અમદાવાદ.

## મેકિંગ સ્પેસ

રાજસ્થાનમાં સ્થાનિક રાજકારણમાં મહિલાઓની ભાગીદારી વિશે આ એક સંશોધન અભ્યાસ 'ઉન્નતિ' દ્વારા કરવામાં આવ્યો છે. આ અભ્યાસમાં નીચેના મુદ્દાઓ ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છેઃ


(૧) શું વિકેન્દ્રિત વ્યવસ્થાઓ અને ધોરણો મહિલાઓની ઓળખ ઊભી કરવામાં કામ લાગે છે ખરાં?

(૨) સત્તાવિહીન મહિલાઓ માટે વિકેન્દ્રીકરણથી સત્તા ઊભી થાય છે ખરી?

(૩) આધુનિક લોકશાહીમાં વિકેન્દ્રીકરણ એક મહત્ત્વનું અંગ છે પરંતુ હવે ફરી એક વાર સત્તા ઉપર તરાપ મારવામાં આવશે ખરી?

(૪) લોકશાહીની આધુનિક સંસ્થાઓને સ્થાનિક હિતોનો એરુ આભડી જશે ખરો?

૨૦૦૬માં કેનેડાના ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ રિસર્ચ સેન્ટર (આઈડીઆરસી) દ્વારા વિકેન્દ્રીકરણ અને મહિલાઓના અધિકારો વિશે એક વૈશ્વિક સંશોધન કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. આ સંશોધનના ભાગરૂપે 'ઉન્નતિ' અને રાજસ્થાનની તેની સહભાગી સંસ્થાઓએ જોધપુર, ઝુનઝુનુ, ટોંક અને બાંસવાડા જિલ્લાઓમાં આ સંશોધન હાથ ધર્યું હતું. તેનાં તારણો રૂપે આ અહેવાલ પ્રગટ કરવામાં આવ્યો છે. આ અભ્યાસનો હેતુ મૂળભૂત રીતે વિકેન્દ્રીકરણ કેવી રીતે મહિલાઓ માટે ઉપયોગી થાય છે અને મહિલાઓના સશક્તિકરણ માટે તેમાં કેવી સંભાવનાઓ રહેલી છે તે તપાસવાનો હતો. આ અભ્યાસમાં ગુણાત્મક અને જથ્થાત્મક બંને પ્રકારની પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ચૂંટાયેલા ૬૮૧ પુરુષ અને ૬૭૩ મહિલા પ્રતિનિધિઓ તથા ૧૯૬ સરકારી કર્મચારીઓનો પ્રતિભાવ મેળવવામાં આવ્યો હતો.




આ અભ્યાસ એમ જણાવે છે કે વિકેન્દ્રીકરણની પણ મર્યાદાઓ છે અને એ મર્યાદાઓ માળખાગત અને વહીવટી છે. આ મર્યાદાઓ નીચે મુજબ છેઃ

(૧) ભંડોળની તબદિલી અને સાથે સાથે વહીવટી સત્તાની સોંપણી જે રીતે કલ્પવામાં આવી હતી તે રીતે કરવામાં આવી નથી. તેને પરિણામે સ્થાનિક પંચાયત તેમની સંપૂર્ણ શક્તિનો ઉપયોગ કરી શકતી નથી.

(૨) રાજસ્થાનમાં બે બાળકો અંગેનું જે ધોરણ રાખવામાં આવ્યું છે તેને પરિણામે અનેક યુવાન મહિલાઓ ગેરલાયક ઠરે છે.

(૩) પંચાયતની બેઠકો અને ગ્રામ સભાની બેઠકોમાં જરૂરી કોરમ ન થતું હોવાને લીધે બેઠકો મુલતવી રહે છે અને પછી તરત જ એ બેઠકો મળે છે. પરિણામે, મોટા ભાગના નિર્ણયો એવી રીતે લેવાય છે કે જેમાં મહિલાઓ અને દલિતોની ભાગીદારી હોતી જ નથી.


(૪) ચૂંટાયેલા પ્રતિનિધિઓ મીટિંગો બોલાવવા માટે અને એજન્ડા નક્કી કરવા માટે ગ્રામ સેવક ઉપર આધાર રાખતા હોય છે. ઉપરાંત, તેઓ પંચાયતની કામગીરી વિશે તેમની પાસેથી જ માર્ગદર્શન મેળવે છે. ગ્રામ સેવકો મોટે ભાગે પુરુષો હોય છે અને તેને પરિણામે મહિલા સરપંચો તેમની સાથે આસાનીથી કામ કરી શકતી નથી.

આ અભ્યાસમાં કેટલાંક વ્યક્તિગત ઉદાહરણો આપવામાં આવ્યાં છે અને છેલ્લે નીતિવિષયક ફેરફારો આવે તથા મહિલાઓ વધારે શક્તિમાન બને તે માટે કેટલીક ભલામણો પણ કરાઈ છે.

લેખકઃ એલિસ મોરિસ, અરુણકુમાર અને ગીતા શર્મા. પ્રાપ્તિસ્થાનઃ 'ઉન્નતિ', અમદાવાદ.

## કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલિટી પ્રેક્ટિસિસ ઈન ઈન્ડિયા

આ અંગ્રેજી પુસ્તકમાં કંપનીઓ દ્વારા જે સામાજિક જવાબદારી અદા કરવામાં આવે છે તેમાં ભારતમાં કેવા પ્રકારની રીત-રસમો અપનાવવામાં આવે છે તેનો અભ્યાસ રજૂ કરવામાં આવ્યો છે. તેને પરિણામે, કંપનીઓ કેવી રીતે સામાજિક જવાબદારી અદા કરે છે તે જાણવા મળે છે અને તેમાં કેવાં વલણો જોવા મળે છે તેની માહિતી પણ પ્રાપ્ત થાય છે. આ સર્વેમાં ૧૧ સરકારી સાહસો, ૩૯ ખાનગી રાષ્ટ્રીય સંસ્થાઓ અને ૩૨ ખાનગી બહુરાષ્ટ્રીય કંપનીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ તમામ કંપનીઓ માહિતી ટેક્નોલોજી, વીમો, વાહનો, સીમેન્ટ, કાગળ, બાંધકામ, પેટ્રો-રસાયણ, માધ્યમો, દવાઓ, ધાતુઓ, ખાણ અને અન્ય ક્ષેત્રોમાંથી પસંદ કરવામાં આવેલી છે. તેમાંથી ૯૦ ટકા કંપનીઓ સામાજિક જવાબદારીઓ અદા કરવા માટેના પ્રયાસો કરે છે.





આ સર્વે એમ જણાવે છે કે મોટા ભાગની કંપનીઓ આ પ્રવૃત્તિઓ માટે પોતાની કંપનીમાં પ્રોજેક્ટ વિભાગ ધરાવે છે, ૨૯ ટકા કંપનીઓ સ્વૈચ્છિક સંગઠનોને સાથે જોડે છે અને લગભગ ૧૦ ટકા કંપનીઓ સમુદાયને અથવા સમુદાય-આધારિત સંગઠનોને સીધી રીતે નાણાકીય ટેકો પૂરો પાડે છે. સર્વે એમ જણાવે છે કે શિક્ષણ, આરોગ્ય અને પર્યાવરણ એ સૌથી મહત્ત્વનાં ક્ષેત્રો છે કે જેમાં કંપનીઓ સામાજિક જવાબદારીઓ અદા કરે છે. એવું તારણ પણ પ્રાપ્ત થયું છે કે મોટા ભાગની પ્રવૃત્તિઓ નિયમિત કાર્યક્રમ તરીકે ચલાવવામાં આવે છે. કેટલીક કંપનીઓ એક જ વખત આ કામ કરતી હોય એમ પણ જણાયું છે.

આ અભ્યાસ ટાઈમ્સ ફાઉન્ડેશન, ટીએનએસ ઈન્ડિયા અને ઈન્સ્ટિટ્યુટ ઓફ રૂરલ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો.

પ્રાપ્તિસ્થાનઃ ટાઈમ્સ ફાઉન્ડેશન, ૭, બહાદુરશાહ ઝફર માર્ગ, નવી દિલ્લી-૧૧૦ ૧૦૩. ઈમેલઃ timesfoundation @timesgroup.com

## પીપલ વિથ ડિસેબિલિટીઝ ઈન ઈન્ડિયાઃ ફ્રોમ કમિટમેન્ટ્સ ટુ આઉટકમ્સ

આ અંગ્રેજી અહેવાલ વિશ્વ બેંક દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. આ અહેવાલમાં ભારતમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનું સામાજિક-આર્થિક ચિત્ર, વિકલાંગતા અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પ્રત્યેનાં વલણો, તેમનું આરોગ્ય, તેમનું શિક્ષણ, તેમની રોજગારી, સામાજિક સુરક્ષાની વ્યવસ્થા અને તેમને માટેની નીતિઓ તથા સંસ્થાઓ વિશે વિગતવાર ચર્ચા કરવામાં આવી છે. તેમની પહોંચ વિશે ચર્ચા કરીને અહેવાલનાં તારણો આપવામાં આવ્યાં છે અને તેમની પરિસ્થિતિ સુધારવા માટે વિશેષ ભલામણો કરવામાં આવી છે.





છેલ્લે પ્રથમ પરિશિષ્ટમાં ભારતની વસ્તી ગણતરીના અંદાજો અને રાષ્ટ્રીય નમૂના સર્વેક્ષણના અહેવાલોની તુલના કરવામાં આવી છે અને તે બંનેના અંદાજો કેવી રીતે જુદા પડે છે તે દર્શાવવામાં આવ્યું છે. બીજા પરિશિષ્ટમાં બ્રાઝિલ દ્વારા વસ્તી ગણતરીમાં વિકલાંગતા સંબંધી પ્રશ્નો અંગે કેવા સુધારા કરવામાં આવ્યા તેની વિગતો આપવામાં આવી છે.

આ અહેવાલ એમ જણાવે છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે પહોંચની વ્યવસ્થા ઊભી કરવી એ લાંબા ગાળાની કાર્યસૂચિની બાબત છે. તે માટે નીતિઓ, કાર્યવાહીઓ અને પ્રક્રિયાઓમાં સુધારા કરવાને સંપૂર્ણ અવકાશ છે અને ટૂંકા ગાળા, મધ્યમ ગાળા અને લાંબા ગાળાના કાર્ય વિશે વિચારવું જોઈએ. અહેવાલ વધુમાં એમ જણાવે છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને નાગરિક સમાજના સંગઠનોને તેમની પહોંચ વધારવા માટેની પ્રવૃત્તિઓમાં પદ્ધતિસર સામેલ કરવાં જોઈએ. તમામ જાહેર પરિયોજનાઓ અને સામાજિક માળખાગત સવલતોની પરિયોજનાઓનું પહોંચનું અન્વેષણ થાય તે જરૂરી છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે પહોંચ વધારવા સંશોધનને પ્રોત્સાહન આપવું જોઈએ અને તે માટે જાહેર ખર્ચ થવું જોઈએ તેવી પણ ભલામણ તેમાં કરાઈ છે.

પ્રાપ્તિસ્થાનઃ હ્યુમન ડેવલપમેન્ટ યુનિટ, સાઉથ એશિયા રિજિયન, વર્લ્ડ બેંક, ૧૮૧૮, એચ સ્ટ્રીટ, એનડબલ્યુ, વોશિંગ્ટન ડીસી ૨૦૪૩૩, યુએસએ, ઈમેલઃ pubrights@worldbank.org

## સિટીઝન્સ રિપોર્ટ ઓન ગવર્નન્સ એન્ડ ડેવલપમેન્ટઃ ૨૦૦૮–૦૯




નેશનલ સોશ્યલ વોચ કોએલિશન દ્વારા તૈયાર કરવામાં આવેલો આ અહેવાલ વાસ્તવમાં દર વર્ષે સરકાર દ્વારા બહાર પાડવામાં આવતા આર્થિક સર્વેનો સામાજિક વિકલ્પ પૂરો પાડે છે. તેમાં ચાર વિભાગમાં વિવિધ પ્રશ્નો વિશે પ્રવર્તમાન પરિસ્થિતિની ચર્ચા કરવામાં આવી છે. લોકોના અધિકારોને જો વાસ્તવમાં સિદ્ધ કરવા હોય અને છેવાડે જીવનારા લાખો લોકો માટે સ્વતંત્રતાના ખ્યાલને અર્થપૂર્ણ બનાવવો હોય તો સ્થિર લોકશાહી એ પૂર્વશરત છે. જો કે, ભારત આજે આવી સ્થિર લોકશાહીને ટકાવવા માટેની અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. લોકશાહીને કઈ બાબત વધારે અર્થપૂર્ણ અને સ્થિર બનાવે છે? લોકતાંત્રિક કામગીરીઓ અસરકારકતા અને લોકસ્વીકૃતિ વચ્ચે ગતિશીલ સમતુલા જાળવવી પડતી હોય છે. આવા મહત્ત્વના તબક્કે સોશ્યલ વોચ (સામાજિક રખેવાળી)ની પ્રક્રિયાએ શાસન અને વિકાસ અંગેના નાગરિકોના અહેવાલના સ્વરૂપે ફાળો આપવા અને દરમ્યાનગીરી કરવા માટે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

તે શાસનની ચાર મહત્ત્વની સંસ્થાઓની કામગીરી પર નજર રાખે છેઃ સંસદ, કારોબારી, ન્યાયતંત્ર અને સ્થાનિક સ્વાશાસનની સંસ્થાઓ, શાસન વિશે એક રીતે વૈકલ્પિક સંવાદ ઊભો થાય તેમ આ અહેવાલ ઈચ્છે છે અને તે માટે તે આ સંસ્થાઓની કામગીરી વિશેનાં માહિતી અને જ્ઞાન લોકો સમક્ષ રજૂ કરે છે. આ અહેવાલ નાગરિકો સમક્ષ હિમાયતના એક સાધન તરીકે એવી આશા સાથે રજૂ કરવામાં આવે છે કે તે નાગરિક સમાજને એવા પ્રસ્તુત સવાલો પૂછવા માટે સક્ષમ બનાવશે કે લોકશાહી શાસનની પ્રક્રિયાને આગળ ધપાવે.

૧. પ્રથમ વિભાગ શાસનની મહત્ત્વની સંસ્થા એવી સંસદની કામગીરી ઉપર નજર નાખે છે. કાર્ય કરવાની સંસદની સંસ્થાગત ક્ષમતા ઉપર બારીકાઈથી નજર રાખવામાં આવી છે અને તેમાં ૨૦૦૭ અને ૨૦૦૮ ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, અને મહત્ત્વનાં પાસાંનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. તેનું ચોખ્ખું પરિણામ આશાસ્પદ જણાયું નથી. ભારતના બંધારણમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોને અસરકારક શાસન માટે તથા સમાજવાદી લોકશાહી અને સમતાપૂર્ણ વૃદ્ધિનાં મૂલ્યો જળવાય તે માટે રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં માર્ગરેખા પૂરી પાડવામાં આવી છે. આ વિભાગમાં તાજેતરનાં વર્ષોના સંદર્ભમાં નીતિવિષયક માંગ, વચનો અને કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.
૨. ભારતના બંધારણમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોને અસરકારક શાસન માટે તથા સમાજવાદી લોકશાહી અને સમતાપૂર્ણ વૃદ્ધિનાં મૂલ્યો જળવાય તે માટે રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં માર્ગરેખા પૂરી પાડવામાં આવી છે. દ્વિતીય વિભાગમાં તાજેતરનાં વર્ષોના સંદર્ભમાં નીતિવિષયક માંગ, વચનો અને કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. વળી, ઘણા કાર્યક્રમોમાં લાભ આપવા માટેની વ્યવસ્થા બિનકાર્યક્ષમતા અને ભ્રષ્ટાચારથી એટલી બધી ખદબદે છે કે આ નીતિવિષયક ફેરફારોનો લાભ ભાગ્યે જ ગરીબ લોકોને પ્રાપ્ત થયો છે.
૩. ત્રીજા વિભાગમાં ભારતીય ન્યાયતંત્રની સમીક્ષામાં અદાલતો ધારાગૃહ અને કારોબારીના ક્ષેત્રમાં ચંચુપાત કરી રહી હોવાની ચર્ચા, અદાલતોની કામગીરી વગેરે ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. તેમાં સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતોના મહત્ત્વના ચુકાદાને પણ આવરી લેવામાં આવ્યા છે. અદાલતી વ્યવસ્થાની સ્થિતિનું મૂલ્યાંકન કરવાનો અને ૨૦૦૭માં અદાલતો દ્વારા ચર્ચાયેલા શાસન અને વિકાસલક્ષી કાનૂનમાં મહત્ત્વના કાનૂની સિદ્ધાંતો તપાસવાનો પ્રયત્ન પણ કરવામાં આવ્યો છે.
૪. સ્થાનિક સ્વશાસનની કામગીરી ત્રણ 'એફ'ના સંદર્ભમાં ઘણા વણઉકલ્યા સવાલો ઉઠાવે છેઃ ફંક્શન્સ (કાર્યો), ફંક્શનરીઝ (કર્મચારીઓ) અને ફંડ (ભંડોળ). એક તરફ તો, કાર્યક્રમોના અમલની બાબતમાં રાજ્ય સરકારો બિન-કાર્યક્ષમ છે એમ કેન્દ્ર સરકાર કહે છે. બીજી તરફ, રાજ્ય સરકારો કેન્દ્ર ઉપર દોષનો ટોપલો ઢોળે છે અને એમ કહે છે કે કેન્દ્ર સરકાર તેમના પોતાના ક્ષેત્રમાં ઘૂસી રહી છે. જો કે, સ્થાનિક સ્વશાસન સમાજના છેવાડાના વર્ગોના સશક્તિકરણ અને ઉત્થાન માટે મહત્ત્વનું સાધન બની શકે છે. નીતિનિર્ધારણની પ્રક્રિયામાં જો અર્થપૂર્ણ કામગીરી કરવામાં આવે તો સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અસરકારક કામગીરી કરી શકે છે. આ ચોથા વિભાગમાં ગ્રામીણ અને શહેરી સ્થાનિક સંસ્થાઓ દ્વારા જે મહત્ત્વના પ્રયાસો કરાયા છે તેમના પર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. આ પ્રયાસોએ દેશમાં વિકેન્દ્રીકરણની પ્રક્રિયાને પ્રોત્સાહન આપ્યું છે અથવા તો તેને નકારાત્મક રીતે અસર પહોંચાડી છે.

પ્રકાશકઃ ડેનિશ બુક્સ, ૨૬ બી, સ્કાયલાર્ક એપાર્ટમેન્ટસ, ગાઝીપુર, દિલ્લી ૧૧૦ ૦૯૬. ફોનઃ ૦૧૧-૨૨૨૩૦૮૧૨, ૨૨૨૩, ૫૮૧૯. ઈમેલઃ daanishbooks@gmail.com

છેલ્લા ચાર માસના ગાળા દરમ્યાન નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતીઃ

## સામાજિક સમાવેશ અને સશક્તિકરણ

આ કાર્યક્રમ દલિતો, આદિવાસીઓ, મહિલાઓ અને વિકલાંગો જેવાં છેવાડાંના જૂથોનાં સમાવેશ અને સશક્તિકરણનો અને વિકાસના મુખ્ય પ્રવાહમાં તેમના મુદ્દાઓને લઈ આવવાનો હેતુ ધરાવે છે.

### ૧. પશ્ચિમ રાજસ્થાનમાં દલિતોની એકતા અને સંગઠન

પશ્ચિમ રાજસ્થાનમાં છેલ્લાં ૧૦ વર્ષથી ત્રણ જિલ્લામાં ૧૧ દલિત સંસાધનો કેન્દ્રો દ્વારા દલિતોને સંગઠિત કરવામાં આવી રહ્યા છે. ૨૬૮ ગામોમાં અને પુરુષોની સમિતિઓની પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે અને આ સમિતિઓની ૨૨ તાલુકા સ્તરની સમિતિઓ મહામંડળ સ્વરૂપે બનાવવામાં આવી હતી. ઓક્ટોબર-૨૦૦૯થી આ કાર્યક્રમ વિધિવત્ બંધ કરવામાં આવ્યો છે કારણ કે દાતા સંસ્થાઓએ વધુ ટેકો આપવાનું બંધ કર્યું. કાર્યક્રમના અંતે આંતરિક મૂલ્યાંકન હાથ ધરવામાં આવ્યું અને આ પ્રક્રિયા કેવી રીતે આગળ ચાલે તે અંગે સહભાગી સંસ્થાઓ સાથે ચર્ચા કરવામાં આવી રહી છે કારણ કે આ પ્રદેશમાં દલિતો અન્યાય અને અત્યાચારનો ભોગ બની જ રહ્યા છે. આ તાતી સમસ્યાઓના ઉકેલ માટે સમુદાયની અંદર સામાજિક ઉત્તરદાયિત્વનું તંત્ર ઊભું કરવાની જરૂર જણાઈ રહી છે. આ ગાળા દરમ્યાન આ સંદર્ભમાં કેટલીક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી.

#### દલિત નેતાઓનું ક્ષમતાનિર્માણ

સપ્ટેમ્બર-૨૦૦૯ દરમ્યાન ૩૨ પુરુષ અને ૩૮ સ્ત્રીઓ સહિત ૭૦ દલિત નેતાઓ માટે કાનૂની મુદ્દાઓ અંગે બે કાર્યશાળાઓ યોજવામાં આવી હતી. સિંદરી અને શેરગઢ તાલુકામાં ૨૧ સ્વસહાય જૂથોના ૭૬ સભ્યો માટે જીવનનિર્વાહ રળવાના વિકલ્પો અંગે કાર્યશાળાઓ યોજવામાં આવી. ૩૭ મહિલા અને ૩૦ પુરુષ દલિત નેતાઓએ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનાના અમલ સંબંધી પ્રશ્નો ઉઠાવ્યા. મોડી વેતન ચુકવણી જેવા પ્રશ્નો તેમણે સરકારી અધિકારીઓ અને પંચાયતોના પ્રતિનિધિઓ સાથેની બેઠકમાં ઉઠાવ્યા. ૧૦ દલિત મહિલા નેતાઓ સાથેની બે દિવસની કાર્યશાળામાં તેમના સશક્તિકરણની પ્રક્રિયાની દસ્તાવેજીકરણ કરાયું.

#### પેરાલિગલ્સ

અમદાવાદની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ પેરાલિગલ સ્ટડીઝના સહયોગથી પેરાલિગલ્સની બીજી ટુકડી તૈયાર થઈ રહી છે. ૮ મહિલાઓ સહિતના ૨૨ કર્મશીલો માટે ઓગસ્ટ માસ દરમ્યાન ત્રણ દિવસની એક તાલીમ યોજવામાં આવી હતી. તેમાંથી ૧૮ જણાએ પેરાલિગલની પરીક્ષાઓ પાસ કરી હતી.

### ૨. મહિલાઓનો મુખ્ય પ્રવાહમાં સમાવેશ

આઈઆરડીપીના સહભાગીઓ માટેના ઓક્સફામના ટેકાવાળા એક કાર્યક્રમ માટે જોધપુર ખાતે ઓક્ટોબર માસ દરમ્યાન આ વિષય વિશે ત્રણ દિવસનો એક પ્રશિક્ષકોની તાલીમનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેનો ઉદ્દેશ સ્ત્રી-પુરુષ ભેદભાવની સમજ ઊભી કરવાનો, સંસ્થા સ્તરે અને કાર્યક્રમ સ્તરે મહિલાઓનો મુખ્ય પ્રવાહમાં સમાવેશ કરવાનો અને કાર્યગત યોજના તૈયાર કરવાનો હતો. રાજસ્થાનના બાલોતરામાં 'આઈડિયા'ને જેન્ડર ઓડિટ હાથ ધરવા અને જેન્ડર પોલિસી ઘડવા માટે ટેકો પૂરો પડાયો. 'જેન્ડર અવેરનેસ એન્ડ સેન્સિટિવિટી એપ્લિકેશન્સ' વિશે એક તાલીમ સંસાધન પુસ્તક અંગ્રેજીમાં તૈયાર કરવામાં આવ્યું છે. તે કર્મશીલોને આ વિષયમાં તાલીમ આપવા માટે પ્રશિક્ષકોને ઉપયોગી થાય તેમ છે.

### ૩. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે તકોમાં વધારો કરવા નાગરિકોની સામલેગીરીને પ્રોત્સાહન

ગુજરાતમાં ૨૯ વિકાસલક્ષી સંગઠનો, ૮ પુનર્વસન સંસ્થાઓ અને ૮ સ્થપતિ અને બીલ્ડર જૂથોની તેમની સાથે સહયોગ સાધવાની શક્યતાઓ તપાસવા મુલાકાત લેવામાં આવી. જે ૨૦ બિન-સરકારી સંગઠનોએ રસ બતાવ્યો તેમના માટે 'વિકલાંગતાના મુદ્દાને મુખ્ય પ્રવાહમાં લઈ આપવવામાં બિન-સરકારી સંગઠનોની ભૂમિકા' વિશે ત્રણ દિવસની એક કાર્યશાળા યોજવામાં આવી હતી. આ કાર્યશાળા દરમ્યાન વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની બાદબાકીનાં કારણો, તેમની જરૂરિયાતો, તેમના અધિકારો, તકો અને તેમના સમાવેશ માટેની

વ્યૂહરચનાઓ વગેરે મુદ્દાઓ વિશે તેમની સમજ ઊભી કરાઈ. સહભાગીઓએ તેમના કાર્યમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનો સમાવેશ કરવા માટે અને તે ક્યાં ક્યાં થઈ શકે તે ઓળખી કાઢવા માટે તેમની સંગઠનાત્મક યોજનાઓ તૈયાર કરી. અમદાવાદના અંધજન મંડળની ટુકડી સાથે માનસિક વિકલાંગતા ધરાવતાં બાળકો સાથે કામ કરનારાં બે બિન-સરકારી સંગઠનોની મુલાકાત લેવામાં આવી અને તેમના સ્ટાફની ક્ષમતાનિર્માણની જરૂરિયાત, કાર્યક્રમોમાં મા-બાપોની સામેલગીરી અને બાળકો માટેની વિશેષ સેવાઓ વગેરે વિશે ચર્ચા કરવામાં આવી.

### ૪. સેટકોમ દ્વારા આદિવાસી વિદ્યાર્થીઓને અંગ્રેજીનું શિક્ષણ

ગુજરાતના આદિવાસી વિભાગ સાથેના સહયોગમાં સેટકોમ દ્વારા આદિવાસી વિદ્યાર્થીઓને અંગ્રેજી શિખવવાનો કાર્યક્રમ એપ્રિલ માસથી શરૂ કરવામાં આવ્યો છે ૧૫૧ આદિવાસી શાળાઓમાં અંગ્રેજીના અભ્યાસ માટે કયા સંસાધનો છે અથવા તેમાં શું અવરોધરૂપ બને છે તે તપાસાયું, કે જેથી અમારી વ્યૂહરચના ઘડી શકાય. બેઠકોના એક બ્રિજ કોર્સ માટેનો અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો અને બાળકો માટે વર્કબૂક્સ પણ તૈયાર કરવામાં આવી. કેટલીક બેઠકોના કેટલાક ભાગ અગાઉથી રેકર્ડ કરી લેવાયા હતા.

## નાગરિક નેતૃત્વ અને શાસન

### ૧. ગુજરાત અને રાજસ્થાનમાં ગ્રામ વિસ્તારોમાં પ્રયાસો

### નાગરિક નેતૃત્વનું નિર્માણ

ગુજરાતના ૪ તાલુકામાં ૪૦ મહિલા સહિત ૧૦૭ નાગરિક નેતાઓને સપ્ટેમ્બર-૨૦૦૯ દરમ્યાન ‘સામાજિક ઉત્તરદાયિત્વ’ વિષય વિશે અભિમુખ કરાયા. નાગરિક મંડળો દ્વારા દેખરેખ ઊભી કરવા માટે તેમણે કોઈ બે કાર્યક્રમો કે બે સેવાઓ પસંદ કર્યાઃ ત્રણ તાલુકામાં માહિતીના અધિકાર વિશે ૯૪ શિબિરો યોજવામાં આવી અને ૧૧૪ મહિલાઓ સહિત ૯૪૭ જણાએ આ શિબિરોની મુલાકાત લીધી હતી. સામાજિક સલામતીની યોજનાઓ તથા રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના વિશે ૪૦ જિટલી માહિતી અધિકારની અરજીઓ દાખલ કરવામાં આવી. તા.૧૨-૧૪, ઓક્ટોબર, ૨૦૦૯ દરમ્યાન ‘નાગરિકત્વ અને શાસન’ વિશે યોજાયેલી પ્રશિક્ષકોની તાલીમમાં ગુજરાતનાં ૮ બિન-સરકારી સંગઠનોમાંથી ૧૧ મહિલાઓ સહિત ૨૯ જણાએ ભાગ લીધો હતો.

### સામાજિક ઉત્તરદાયિત્વને પ્રોત્સાહન

ગ્રામ વિકાસ વિભાગના સહયોગમાં ગુજરાતમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનાના અમલ અંગે એક સેલ ચલાવાઈ રહ્યો છે. સામાજિક અન્વેષણથી ઝુંબેશ ચલાવવા માટે રાજ્યને ટેકો પૂરો પાડવામાં આવ્યો. ૧૬-૧૧-૨૦૦૯ સુધીમાં તકેદારી અને દેખરેખ સમિતિઓને અભિમુખ કરવામાં આવી અને માહિતી મેળવવામાં આવી અને ગ્રામ સભા દ્વારા ૧૬-૩૦ નવેમ્બર સુધી સામાજિક અન્વેષણ હાથ ધરવામાં આવ્યું. રાજ્યના સરકારી ઠરાવમાં તેની પ્રક્રિયા, વિવિધ સત્તાવાળાઓની જવાબદારીઓ, તકેદારી અને દેખરેખ સમિતિઓની પુનર્રચના અને તાલુકા સંસાધન જૂથોની ઓળખ વગેરે જણાવવાયા છે અને તે મુજબ સામાજિક અન્વેષણ હાથ ધરાયું. નક્કી કરાયેલા મુખ્ય પ્રશિક્ષકોને પ્રથમ અભિમુખ કરાયા અને તેમણે પછીથી ૨૬-૧૦-૦૯થી ૦૨-૧૧-૦૯ દરમ્યાન તમામ જિલ્લામાં તાલુકા સંસાધન જૂથોના ૧૦૦૦ સભ્યોને માટે અભિમુખતા તાલીમ હાથ ધરી.

નાગરિક નેતૃત્વ દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વને પ્રોત્સાહન આપવા માટે ગુજરાતનાં ૮ બિન-સરકારી સંગઠનોને ટેકો પૂરો પડાયો. આ સંગઠનોએ તેમના દ્વારા પ્રાયોજિત એવાં વિવિધ નાગરિક જૂથોને અભિમુખ કર્યાં છે અને સરકારી કાર્યક્રમોના અમલ તથા પાયાની સેવાઓ પર દેખરેખ તેઓ રાખે તે માટે પ્રયાસ કર્યો છે. આ સંગઠનો માહિતીના અધિકાર માટેની શિબિરો પણ ચલાવે છે. તેમણે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનામાં સામાજિક અન્વેષણની પ્રક્રિયા ઉપર પણ દેખરેખ રાખી છે.

રાજસ્થાનમાં સરકાર અને બિન-સરકારી સંગઠનોના પ્રયાસ ‘રાઈટ ટુ ઈન્ફર્મેશન એન્ડ વર્ક અભિયાન’ના ભાગરૂપે ઓક્ટોબર-૨૦૦૯ દરમ્યાન ભિલવાડા જિલ્લાના સૌના તાલુકામાં સામાજિક અન્વેષણની પ્રક્રિયા હાથ ધરાઈ. આ ઝુંબેશને બાકી વેતન મેળવવામાં, ટપાલ કચેરીએ ખાતાં ખોલાવવામાં, એક કામદારના મૃત્યુ અંગે વળતર મેળવવામાં અને બેકારી ભથ્થું મેળવવામાં સફળતા મળી. ભિલવાડા જિલ્લાના આ અનુભવોની આપ-લે જોધપુરના કલેક્ટર સાથે કરવામાં આવી.

**પંચાયતોનું મજબૂતીકરણ**

સ્થાનિક શાસન સંબંધી પ્રશ્નો અંગે વિવિધ હિતધારકોને અભિમુખ કરવા માટે ગુજરાતમાં ૪ બિન-સરકારી સંગઠનોને ટેકો પૂરો પાડવામાં આવ્યો. 'બહુપાંખી તાલીમ દરમ્યાનગીરી દ્વારા પંચાયતી રાજ સંસ્થાઓનું ક્ષમતાનિર્માણ' વિશે પંચાયતી રાજ મંત્રાલય, યુએનડીપી અને ઈંદિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી સાથેના સહયોગમાં રાજસ્થાનમાં એક પરિયોજના હાથ ધરાઈ. તેમાં પંચાયતી રાજ વિશે એક પુસ્તક તૈયાર કરાયું અને પંચાયતોની બે દિવસની તાલીમ માટે એક મેન્યુઅલ પણ તૈયાર કરાયું. આઈજીપીઆરએસ સાથેના સહયોગમાં તેની ૨૦૧૦ની વિકેન્દ્રિત તાલીમ ઝુંબેશ હેઠળ તાલીમની જરૂરિયાતનું આકલન કરવા માટે એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

**૨. શહેરી વિસ્તારોમાં પ્રયાસો**

**શહેરી આયોજન, શહેરી વિકાસ અને સહભાગિતા**

તા.૨૦-૨૧ ઓગસ્ટ, ૨૦૦૯ દરમ્યાન 'શહેરી આયોજન અને શહેરી વિકાસ' વિશે એક તાલીમનું આયોજન કરાયું હતું કે જેમાં આયોજનની પ્રક્રિયા વિશે સમજ ઊભી કરાઈ, તેમ જ શહેરી ગરીબી અને આયોજનની પ્રક્રિયામાં ગરીબોનો સમાવેશ મુદ્દાઓ પણ તેમાં કેન્દ્રમાં રખાયા. શહેરી આયોજનમાં સામેલ થયેલા ૮ રાજ્યોના ૪૩ સહભાગીઓએ અમદાવાદમાં 'ઈન્ક્લુઝિવ સિટીઝ એન્ડ સેન્ટર સ્ટેજિંગ પાર્ટિસિપેશન' વિશેની બે દિવસની કાર્યશાળામાં હાજરી આપી. તે સેપ્ટ યુનિવર્સિટી અને 'પ્રિયા'ના સહયોગમાં તા.૧૨-૧૩ નવેમ્બર, ૨૦૦૯ દરમ્યાન યોજવામાં આવી હતી. તેનો હેતુ શહેરી આયોજનમાં તમામ સ્તરે નાગરિકોની સહભાગિતા વધારવા માટેની પદ્ધતિ સુધારવા ઉપર ચર્ચા વિચારણા થઈ હતી.

**સામાજિક ઉત્તરદાયિત્વને પ્રોત્સાહન**

સામાજિક ઉત્તરદાયિત્વને પ્રોત્સાહન આપવા માટે ગુજરાતમાં ૬ બિન-સરકારી સંગઠનો સાથેના સહયોગમાં ૧૦ નગરોમાં પાણી પુરવઠો, કચરાનું એકત્રીકરણ અને ગટર વ્યવસ્થા અંગે નાગરિકોનું રિપોર્ટ કાર્ડ તૈયાર કરવામાં આવ્યું. તે પછી તેનાં તારણોની આપલે કરવા માટે નાગરિકો અને પાલિકાઓના અધિકારીઓ સાથે બેઠકો યોજવામાં આવી. ૨૦૦૯માં સંકલિત ગૃહનિર્માણ અને ઝૂંપડપટ્ટી વિકાસ કાર્યક્રમ (આઈએચએસડીપી) હેઠળ ૧૦ નાનાં અને મધ્યમ નગરોનો અભ્યાસ કરાયો. તેમાં શહેરી ગરીબોને સરકારની આ યોજનાનો લાભ કેટલો મળે છે તેનું મૂલ્યાંકન કરાયું અને તેનાં તારણો વિશે એક અભ્યાસપત્ર પ્રકાશિત કરાયું છે.

**આપત્તિ જોખમ ઘટાડાના સામાજિક નિર્ણાયકો**

આપત્તિ જોખમ ઘટાડા અંગે સમજ અને કાર્ય ઊભાં થાય અને તાકીદતાની પરિસ્થિતિમાં પ્રતિભાવ આપનારા કાર્યકરોની ક્ષમતા વધે તેના ઉપર આ કાર્યક્રમમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

**આપત્તિ જોખમ ઘટાડામાં સામુદાયિક સંચાલન**

ગુજરાત અને રાજસ્થાનમાં ૧૩ ગામોમાં આપત્તિ જોખમ ઘટાડામાં સામુદાયિક સંચાલન ઊભું કરવા માટે ૮ બિન-સરકારી સંગઠનોને ટેકો આપવામાં આવી રહ્યો છે. તેના આયોજનની પ્રક્રિયા વિશેની માર્ગદર્શિકાનો પ્રથમ મુસદ્દો સમુદાય સાથે મળીને તૈયાર કરાયો છે. ઓક્ટોબર-૨૦૦૯માં આંદામાન ખાતે કોર્ડએઈડ ઈન્ડિયાના સહભાગી સંગઠનોની મળેલી પરિષદમાં આપત્તિ જોખમ ઘટાડાની નવતર રીતો અંગેની એક દસ્તાવેજી ફિલ્મની સાથે તે મુસદ્દો પણ રજૂ કરાયો હતો. ગુજરાતમાં ભચાઉ ખાતે નવેમ્બરમાં બચાવ અને પ્રાથમિક સારવારનાં કાર્ય દળો માટે બે દિવસની તાલીમ યોજવામાં આવી હતી. તેમાં સમુદાયના ૨૩ સભ્યો અને બિન-સરકારી સંગઠનોના ૧૩ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

પશ્ચિમ રાજસ્થાનમાં પીવાના પાણીની તંગી સતત રહેતી હોય છે. ઉનાળામાં સરકાર ટેન્કરો દ્વારા પાણી પુરવઠો પૂરો પાડે છે પણ દલિત પરિવારો તે મેળવી શકતા નથી. પીવાના પાણીની પ્રાપ્યતા વધે તે માટે સમુદાય-આધારિત વહેંચણી વ્યવસ્થા ઊભી થાય તે માટે એક ટ્રેક્ટર અને એક ટેન્કરની વ્યવસ્થા કરાઈ. દલિતોમાં એકતા ઊભી કરવાના કાર્યક્રમ સાથે આ બાબતને સાંકળવામાં આવી. દલિત સંસાધન કેન્દ્રોને પાણીની વહેંચણીનો રૂટ, ભાવ, એકત્રીકરણ અને નિભાવ માટે સ્પષ્ટ ધંધાકીય મોડેલને આધારે ટેકો પૂરો પાડવામાં આવ્યો. મહિલાઓની

તાબેદારી અને જ્ઞાતિગત ભેદભાવોના પ્રશ્નોને ઉકેલવાનો હેતુ પણ તેમાં હતો. આ કામ આગળ વધારવા માટે બે બીજાં સ્થાનો પણ પસંદ કરાયાં છે. દુકાળ સામે દલિતોની પ્રતિકારક શક્તિ વધે અને ઘાસચારાની સલામતી વધે તે માટે ગૌચરના વિકાસને ગયા વર્ષથી પ્રોત્સાહન અપાઈ રહ્યું છે. આ વર્ષે ૨૭ ખેડૂતોને તેમની જમીનમાં બાગાયતી પાક અને ઘાસચારો ઉગાડવા માટે વાડ બનાવવા, જંતુનાશકો, છોડ અને નિષ્ણાતોની સલાહ વગેરેનો ટેકો પૂરો પડાયો. સમુદાય સંચાલિત આપત્તિ જોખમ ઘટાડા અને ઘાસચારાના સંચાલન અંગે ઓગસ્ટમાં રાજસ્થાન સરકારના કૃષિ વિભાગ સાથેના સહયોગમાં ૪ મહિલાઓ સહિત ૩૨ ખેડૂતો માટે ત્રણ દિવસની એક તાલીમ યોજવામાં આવી હતી. રાજસ્થાન સરકાર દ્વારા સપ્ટેમ્બર માસમાં સ્વાસ્થ્ય ચેતના યાત્રાનું આયોજન કરાયું હતું. તે દરમ્યાન ગંભીર માંદગી ધરાવતા દર્દીઓ ઓળખી કઢાયા અને તાલુકા સ્તરે તેમની નોંધણી કરાવીને રાજ્યના આરોગ્ય કાર્યક્રમ સાથે તેમને જોડવામાં આવ્યાં.

### બાંધકામની સલામત તકનિકીને પ્રોત્સાહન

જમીનની ગુણવત્તા અને બાંધકામ સામગ્રીની ચકાસણી માટે જોધપુરમાં ‘ઉન્નતિ’ના કાર્યાલયમાં એક પ્રયોગશાળા સ્થાપવામાં આવી છે. જમીનમાં ચૂનાનું પ્રમાણ સ્થિર થાય તે માટે પ્રયોગો હાથ ધરવામાં આવ્યા છે. આપત્તિ સામે સલામતી બાંધકામ ટેક્નોલોજી ઓછા ખર્ચે મળે અને આવક સર્જનની તકો વધે તે ઉદ્દેશથી ૮-૧૦ પંચાયતોનાં પાંચ જૂથોમાં ૧૦૫ કડિયાને પ્રોત્સાહન અપાયું છે. દર મહિને આ કડિયાઓની બેઠક યોજાય છે અને ટેક્નોલોજી તથા અન્ય પ્રશ્નો વિશે ચર્ચા-વિચારણા થાય છે. તા.૪-૧૦-૨૦૦૯ના રોજ સલામત ગૃહનિર્માણ ટેક્નોલોજી વિશે પટૌડીના ૪૩ કડિયાઓ માટે એક તાલીમ યોજવામાં આવી હતી. ‘કારીગરોં કી બાત’ નામે તેમના પ્રયાસોની ઝાંખી આપતું એક પ્રકાશન તૈયાર કરાયું છે.

### ક્ષમતાનિર્માણ

આપત્તિ જોખમ ઘટાડવામાં સામુદાયિક સંચાલન વિશે ત્રણ દિવસની એક તાલીમ યોજવામાં આવી હતી અને તેમાં ગુજરાત તથા રાજસ્થાનનાં ૨૦ બિન-સરકારી સંગઠનોના ૩૫ સહભાગીઓ હાજર રહ્યા હતા. ગુજરાતમાં આપત્તિ જોખમ ઘટાડાના પ્રયાસો વિશે સાત પ્રાદેશિક વિમર્શ સભાઓ યોજવામાં આવી હતી. તેમાં બિન-સરકારી સંગઠનોના ૮૫ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ સભાઓથી આપત્તિ જોખમ ઘટાડા વિશેના દૃષ્ટિકોણનો પ્રચાર-પ્રસાર થયો અને બિન-સરકારી સંગઠનોની ક્ષમતા વિશેની સમજ પણ ઊભી થઈ.


उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬ ફેક્સ: ૦૭૯-૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: sie@unnati.org વેબસાઈટ: unnati.org

ક્ષેત્રીય કાર્યાલય: ૬૫૦, રાધાકૃષ્ણપુરમ, લહેરિયા રિસોર્ટની નજીક, ચોપાસની-પાલ બાય-પાસ લિંક રોડ, જોધપુર-૩૪૨૦૦૮, રાજસ્થાન.

ફોન: ૦૨૯૧-૩૨૦૪૬૧૮ ઈ-મેલ: unnati@datainfosys.net



ડિઝાઈન : રમેશ પટેલ, ‘ઉન્નતિ’.

મુદ્રણ: બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોન: ૯૮૨૫૧૫૬૪૦૨



આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.